પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૫૨ • કુલ પાના : ૪ • તારીખ : ૨૦-૦૬-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# અસમ, મેઘાલય અને ત્રિપુરામાં પૂરથી તબાહી, ઘણા લોકોના મોત, અનેક લોકો ગુમ થયા

## ૪૩૦૦૦ હેક્ટર કૃષિ ભૂમિ પાણીમાં ડૂબી ગઈ છે. ઘણા બાંધ, પુલ અને રસ્તાને નુકસાન પહોંચ્યું છે

નવીદિલ્હી,

ભારે વરસાદ બાદ આવેલા પૂર અને ભૂસ્ખલનને કારણે પૂર્વોત્તરના વિસ્તારમાં તબાહી મચી છે. અસમ, મેઘાલય, ત્રિપુરા અને અરૂણાચલ પ્રદેશમાં લાખો લોકો આ પૂરથી પ્રભાવિત થયા છે. અહીં ઘણા લોકો બેઘર થયા, પાક નષ્ટ થયો, રસ્તા તૂટી ગયા અને રેલ સેવાને પણ અસર પડી છે. તો પૂરને કારણે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે. કુદરતના કહેર સામે લોકો અનેક મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. સરકારે શરૂ કરેલી રાહત શિબિરોમાં લોકો હાલ પોતાના દિવસો પસાર કરી રહ્યાં છે.





અસમ અને મેઘાલયમાં છેલ્લા બે દિવસમાં પૂર અને ભૂસ્ખલનમાં ૩૧ લોકોના મોત થયા છે. અસમના ૨૮ જિલ્લામાં આશરે ૧૯ લાખ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે એક લાખ જેટલા લોકો રાહત શિબિરમાં છે. પૂરમાં અસમમાં ૧૨ તો મેઘાલયમાં ૧૯ લોકોના મોત થયા છે. ત્રિપુરાની રાજધાની અગરતલા પણ પૂરનો સામનો કરી રહી છે. શહેરમાં માત્ર ૬ કલાકમાં ૧૪૫ મિમી વરસાદ થયો છે.

અસમમાં આશરે ૩ હજાર ગામડામાં પૂર આવ્યું છે અને ૪૩૦૦૦ હેક્ટર કૃષિ ભૂમિ પાણીમાં ડૂબી ગઈ છે. ઘણા બાંધ, પુલ અને રસ્તાને નુકસાન પહોંચ્યું છે. હોજઈ જિલ્લામાં પૂર્વ પ્રભાવિત લોકોને લઈને જઈ રહેલી એક હોડી ડૂબી ગઈ, જેમાં ત્રણ બાળકો લાપતા છે, જ્યારે ૨૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અસમ સરકારે પૂર અને ભૂસ્ખલનને કારણે ફસાયેલા લોકો માટે ગુવાહાટી અને સિલચર વચ્ચે વિશેષ ઉડાનોની પણ વ્યવસ્થા કરી છે.

આ સાથે મેઘાલયમાં અચાનક આવેલા પૂરે તબાહી મચાવી છે. દક્ષિણ ગારો હિલ્સ જિલ્લાના બાઘમારામાં અચાનક આવેલા પૂરને કારણે ૩ અને સિજૂમાં ભૂસ્ખલનથી એકના મોતના સમાચાર છે. આ સાથે પ્રાકૃતિક આપદામાં મૃત્યુ પામેલા લોકો માટે મુખ્યમંત્રી કાનરાડે વળતરની જાહેરાત કરી છે. ત્રિપુરામાં શુક્રવારથી સતત વરસી રહેલાં વરસાદ બાદ પૂરને કારણે રાજ્યમાં ૧૦ હજારથી વધુ લોકો બેઘર થયા છે. તો છેલ્લા એક મહિનાથી ટ્રેન સેવાને અસર પડી છે. અધિકારીઓએ કહ્યું કે આ વચ્ચે રાષ્ટ્રીય રાજમાર્ગ-૬ પર ભારે વરસાદને કારણે આવેલા ભૂસ્ખલન બાદ ગુરૂવારે ત્રિપુરા અને દેશના બાકી ભાગ વચ્ચે જમીની સંપર્ક તૂટી ગયો. પૂરનો પ્રકોપ પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં અગરતલા અને તેની આસપાસના વિસ્તાર સુધી સીમિત છે, જ્યાં હાવડા નદીનું જળસ્તર ખુબ વધી ગયું છે અને અગરતલા કોર્પોરેશન તથા તેના નિચાણવાળા વિસ્તાર પાણીમાં ડૂબી ગયા છે.

પાડોશી રાજ્ય અરૂણાચલ પ્રદેશમાં સુબનસિરી નદીના પાણીએ એક બાંધને જળમગ્ન કરી દીધો છે, જ્યાં એક હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું હતું. મેઘાલય, અસમ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમના અલગ-અલગ ભાગ પર વધુ વરસાદ નોંધાયો છે અને નાગાલેન્ડ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદ થયો છે. મણિપુરના ઈમ્ફાલ વેસ્ટ જિલ્લામાં પૂરને કારણે એક વ્યક્તિના મોત બાદ કુલ મૃત્યુઆંક વધીને સાત થઈ ગયો છે. ઈમ્ફાલમાં શનિવારે સવારે વરસાદ ઓછો થયો પરંતુ થાઉબલ, ઈમ્ફાલ વેસ્ટ અને બિષ્ણુપુરમાં સ્થિતિમાં હજુ સુધાર થયો નથી. રાહત અને બચાવ વિભાગ દ્વારા એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે ઈમ્ફાલ વેસ્ટ જિલ્લામાં ડૂબવાથી એક માછીમારનું મોત થયું છે. રાજ્યમાં પૂરથી ક્ષતિગ્રસ્ત મકાનોની સંખ્યા વધીને ૨૨૬૨૪ થઈ ગઈ છે. મિઝોરમમાં પૂરને કારણે અત્યાર સુધી ૧૦૬૬ પરિવારોને સુરક્ષિત સ્થળો પર પહોંચાડવામાં આવ્યા છે. રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને પુનર્વાસ વિભાગના અધિકારીઓએ ૧૫ જૂને આ જાણકારી આપી હતી. સૌથી વધુ દક્ષિણ મિઝોરમનો લુંગલેઈ જિલ્લો પ્રભાવિત થયો છે. તલાબુંગ ગામ અને પાસેના ગામ પૂરની ઝપેટમાં છે.

અધિકારીઓએ જણાવ્યું કે મેઘાલયના મૌસિનરામ અને ચેરાપૂંજીમાં ૧૯૪૦ બાદથી રેકોર્ડ વરસાદ થયો છે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે છેલ્લા ૬૦ વર્ષમાં અગરતલામાં આ ત્રીજો સૌથી વધુ વરસાદ છે. અચાનક આવેલા પૂરને કારણે તમામ શિક્ષણ સંસ્થાઓ બંધ કરી દેવામાં આવી છે. મેઘાલયના મુખ્યમંત્રીએ પૂરમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને ચાર લાખની સહાયતા આપવાની જાહેરાત કરી છે.

# ડોક્ટરો અને સરકારની જીદના કારણે દર્દીઓને ભારે હાલાકી

અમદાવાદ,

આરોગ્ય વિભાગ સાથેની મડાગાંઠને પગલે સતત પાંચમા દિવસે સિવિલ હોસ્પિટલમાં જુનિયર ડોક્ટરોની હડતાળ રહેતાં દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડયો છે. જેમા અગિયાર સો જેટલા તબીબો હડતાળ ઉપર ઉતર્યા છે. રેસિડેન્ટ તબીબો હડતાળ પર ઉતરી જતાં, દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે. સરકાર અને તબીબો વચ્ચેની લડાઈમાં દર્દીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. જીદ્દી સરકાર પણ માંગણીઓ સ્વિકાર પૂરી કરવા તૈયાર નથી અને જીદ્દી ડોકટરો હડતાળ પૂરી કરવા તૈયાર નથી. પાંચ દિવસ થયા છતાં સમસ્યા ઠેરની ઠેર અને કોઈ ઉકેલ નહીં. આ કારણે એવું લાગી રહ્યું છે કે, કોકડુ ગુચવાઈ ગયું છે.

આરોગ્ય વિભાગ સાથેની મડાગાંઠને પગલે સતત બીજા દિવસે સિવિલ હોસ્પિટલમાં જુનિયર ડોક્ટરોની હડતાળ રહેતાં દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડયો છે. બે દિવસમાં અંદાજે ૧૦૦થી વધુ ઓપરેશન રદ થયા છે. કોરોનાકાળમાં હોસ્પિટલોમાં ફરજ બજાવનારા જુનિયર ડોક્ટરો એક વર્ષના બોન્ડને રેસિડેન્ટશિપમાં ગણવાની માગણી સાથે બુધવારથી હડતાળ પર ઉતર્યા છે. મળતી માહિતી મુજબ સિવિલ હોસ્પિટલમાં સામાન્ય રીતે એક દિવસમાં ૧૪૦થી વધુ ઓપરેશન થતાં હોય છે. પરંતુ હડતાળને પગલે છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૫ અને ગુરુવારે સવારથી સાંજ દરમિયાન ૪૭ એમ કુલ ૧૭૨ ઓપરેશન થયા હતા. આમ, બે દિવસમાં અંદાજે ૧૦૦થી વધુ ઓપરેશન રદ થયા છે. બીજી તરફ હડતાળથી ઓપીડી ઉપર ખાસ અસર પડી નથી. સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બંને દિવસમાં ૬૦૦થી વધારે ઓપીડી થઈ છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડા.રાકેશ જોષીએ જણાવ્યું કે, 'બંને પક્ષ વચ્ચે ઝડપથી સમાધાન થઈ જાય તેવો આશાવાદ છે. હાલમાં હડતાળને પગલે દર્દીઓને સમસ્યા નડે નહીં તેના માટે પગલા લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે વેકેશન કેન્સલ કરીને તમામ ફેકલ્ટીને બોલાવી લેવામાં આવ્યા છે. નોન કિલનિકલ સાઈટના ફેકલ્ટીને કિલનિકલ સાઈટની જવાબદારી સોંપાઈ છે. અમે ૩૦ જેટલા મેડિકલ ઓફિસરની માગણી કરી છે. આ પૈકી ૬ મેડિકલ ઓફિસર આજથી જોડાઈ ગયા છે અને બાકીના આવતીકાલ સુધીમાં આવી જશે.

# યુક્રેનમાં રશિયાનું યુદ્ધ વર્ષો સુધી ચાલી શકે છેઃ નાટો

કીવ,

યુક્રેનમાં રશિયાના યુદ્ધમાં વર્ષો લાગી શકે છે, નાટોના સેક્રેટરી જનરલ જેન્સ સ્ટોલ્ટનબર્ગે એક જર્મન સાપ્તાહિક અખબારને જણાવ્યું હતું કે, યુક્રેનિયન સૈનિકોને અત્યાધુનિક શસ્ત્રોનો પુરવઠો રશિયન નિયંત્રણમાંથી ડોનબાસ પ્રદેશને મુક્ત કરવાની તકમાં વધારો કરશે. "આપણે એ હકીકત માટે તૈયારી કરવી જોઈએ કે તેમાં વર્ષો લાગી શકે છે. આપણે યુક્રેનને સમર્થન આપવાનું છોડી દેવું જોઈએ નહીં," સ્ટોલ્ટનબર્ગે બિલ્ડ એમ સોનટેગને કહ્યું. જો ખર્ચ વધુ હોય તો પણ, માત્ર લશ્કરી સહાય માટે જ નહીં, ઊર્જા અને ખાદ્યપદાર્થોની વધતી કિંમતોને કારણે પણ આમ થઈ રહ્યું છે" આ મહિનાના અંતમાં મેડ્રિડમાં નાટો સમિટમાં યુક્રેન માટે સહાયતા પેકેજ પર સંમત થવાની અપેક્ષા છે જે દેશને જૂના સોવિયેત-યુગના શસ્ત્રોમાંથી નાટો માનક ગિયરમાં ખસેડવામાં મદદ કરશે, સ્ટોલ્ટેનબર્ગે આ સપ્તાહની શરૂઆતમાં જણાવ્યું હતું. યુક્રેને શનિવારે મોસ્કો સામે જીતવાની પ્રતિજ્ઞા લીધી હતી કારણ કે તે મુખ્ય પૂર્વીય શહેર નજીક રશિયન હુમલાઓ સામે લડ્યું હતું અને ઘણા સ્થાનો શેલ અને મિસાઈલ હુમલા હેઠળ આવ્યા હતા.

# દેશમાં કોરોનાના એક જ દિવસમાં નવા ૧૨,૮૯૯ કેસ, ૧૫ દર્દીઓના મોત

ભારતમાં કોરોના કેસની ગતિ અટકવાનું નામ નથી લઈ રહી. ફરી એકવાર દેશમાં સતત બીજા દિવસે લગભગ ૧૩ હજાર કોરોના કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૨,૮૯૯ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૧૫ દર્દીઓના કોરોનાને કારણે મોત થયા છે. નવા આંકડાઓ પછી, સક્રિય કેસોની કુલ સંખ્યા ૭૨,૪૭૪ પર પહોંચી ગઈ છે. જે દેશ માટે ખૂબ જ ચિંતાનો વિષય છે.

જો કે, જો તમે એક દિવસ પહેલાના આંકડા સાથે સરખામણી કરો તો આજે લગભગ ૪૦૦ કેસ ઓછા નોંધાયા છે. ૧૮ જૂને દેશમાં કુલ ૧૩,૨૧૬ નવા કોરોના કેસ નોંધાયા હતા, જ્યારે ૧૧૩ દિવસમાં પ્રથમ વખત દેશમાં ચેપના ૧૩,૦૦૦ થી વધુ કેસ નોંધાયા હતા.ઉલ્લેખનીય છે કે ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત કોરોનાના ૧૦ હજારથી વધુ કેસ સામે આવી રહ્યા છે.

# પટણામાં સ્પાઈ જેટ વિમાનની ઈમરજન્સી લેન્ડિંગ, ટેક ઓફ સમયે એન્ડીનમાં આગ લાગી




પટણા,

પટણામાં એરપોર્ટ પર સ્પાઈસ જેટના વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યુંછે. પ્લેનમાં આગ લાગવાના સમાચાર છે. દિલ્હી જઈ રહેલા આ પ્લેનને પટણા એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવ્યુંછે. આ પ્લેનમાં ૧૮૫ લોકો સવાર હતા. અત્યાર સુધીના રિપોર્ટ અનુસાર પ્લેનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે. રિપોર્ટ મુજબ આ પ્લેને પટણાના જયપ્રકાશ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સવારે ૧૨.૧૦ વાગ્યે ઉડાન ભરી હતી. ટેક-ઓફની થોડીવાર બાદ આ વિમાનના પંખામાં આગ લાગી હતી. નવાઈની વાત એ છે કે લોકોએ આ પ્લેનના પંખામાં આગ નીચેથી જોઈ. લોકોએ પ્લેનના પંખામાંથી જ્વાળાઓ નીકળતી જોઈ. લોકોએ આ ઘટનાની જાણ તરત જ પટણા પોલીસને કરી. તેના પછી ઘટનાની જાણ એરપોર્ટને કરવામાં આવી હતી. ત્યારબાદ આ વિમાનને પરત લાવવામાં આવ્યું હતું. જણાવવામાં આવ્યું છે કે પહેલા નક્કી કરવામાં આવ્યું હતુ કે આ પ્લેનને બિહતા એરફોર્સ પર લેન્ડ કરવામાં આવશે, પરંતુ પછી આ પ્લેનને પટણાના જયપ્રકાશ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવ્યું. પટણાના ડીએમ ચંદ્રશેખર સિંહે કહ્યુંછે કે આગની ઘટનામાં કોઈ ટેકનિકલ ખામી હોઈ શકે છે. ઈજનેરી ટીમ ઘટનાની તપાસ કરી રહી છે.

# મલેશિયન હેકર ગ્રૂપ 'ડ્રેગન ફોર્સ'નો ભારત પર મોટો સાયબર હુમલો, સરકારી રેલ્વે પોલીસની વેબસાઈટ હેક

નવીદિલ્હી,

દિલ્હી રેલ્વે પોલીસની સત્તાવાર વેબસાઈટને મલેશિયાના હેકર જૂથ ડ્રેગન ફોર્સ દ્વારા હેક કરવામાં આવી હતી. ૧૦ જૂનથી મલેશિયાના હેકર્સ દ્વારા ભારત પર ઘણા સાયબર હુમલા કરવામાં આવી રહ્યા છે. અગાઉ,હેકરે તાજેતરમાં સસ્પેન્ડ કરાયેલા ભાજપ પ્રવક્તા નુપુર શર્મા દ્વારા પૈગંબર મોહમ્મદ વિશે કરેલી અપમાનજનક ટિપ્પણીનો બદલો લેવા સાયબર હુમલો કર્યો હતો.



નોંધનીય છે કે, દિલ્હી જીઆરપી વેબસાઈટ ડ્રેગનફોર્સ દ્વારા હેક અને સ્પુફ કરવા માટે નવીનતમ ભારત સરકારની વેબસાઈટ બની ગઈ છે. જેને અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ચાર અન્ય હેકર જૂથો તરફથી નિષ્ઠા પ્રાપ્ત થઈ છે. ફર્સ્ટ ડ્રેગન ગ્રૂપે આ વેબસાઈટનું હોમ પેજ બદલ્યું છે અને તેમના દ્વારા હેકિંગની પુષ્ટિ કરી છે.

હેકરે આપેલા મેસેજમાં કહ્યું હતું કે, "તમે અમારી મસ્જિદો, અમારા ઘરો અને અમારી શાળાઓને બાળી શકો છો, પરંતુ અમારી આત્માઓ ક્યારેય મરશે નહીં. આપણા પૈગંબર મુહમ્મદ એસ.એ.ડબ્લ્યુનું અપમાન કરવા માટે આ એક ખાસ ઓપરેશન છે.

નોંધપાત્ર રીતે, ૧૦ જૂનથી, મહારાષ્ટ્રમાં નાગપુરની ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ સહિત ત્રણ સરકારી પોર્ટલ અને ૭૦ થી વધુ અન્ય વેબસાઈટ્સ હેક કરવામાં આવી છે. પરંતુ બાદમાં સત્તાવાળાઓ દ્વારા હેક કરાયેલી તમામ વેબસાઈટ પુનઃસ્થાપિત કરવામાં આવી હતી.

# અગ્નિપથ પર બબાલ : નવા કામ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે : વડાપ્રધાન

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના પ્રગતિ મેદાનમાં ટનલનું ઉદ્ઘાટન કર્યું. આ પહેલા પીએમ મોદીએ ટનલનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યુ કે, દાયકાઓ પહેલા ભારતની પ્રગતિને, ભારતીયોના સામર્થ્યને, ભારતની પ્રોડક્ટ્સને, આપણી સંસ્કૃતિને શોકેસ કરવા માટે પ્રગતિ મેદાનનું નિર્માણ થયું હતું, પરંતુ પ્રગતિ મેદાનની પ્રગતિ ઘણા સમયથી રોકાયેલી હતી. તેનો પ્લાન કાગળ પર દેખાડી દેવામાં આવ્યો હતો, પરંતુ જમીન પર કંઈ થયું નહીં. અગ્નિપથ વિવાદ વચ્ચે પીએમ મોદીએ કહ્યુ કે, આ આજનું નવુ ભારત છે. આ ભારત સમાધાન કરે છે. તેમણે કહ્યું કે નવા કામ કરવા પર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.



પીએમ મોદીએ પ્રગતિ મેદાનથી કહ્યુ કે, આ તસવીર બદલવા માટે કરવામાં આવી રહ્યું નથી પરંતુ તેનાથી ભાગ્ય પણ બદલી શકાય છે. દિલ્હીમાં કેન્દ્ર સરકારનો ભાર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર છે. તેનું સીધુ પરિણામ અને તેની પાછળનો ઉદ્દેશ્ય ઈઝ ઓફ લિવિંગ પર છે. પીએમ મોદીએ કહ્યુ કે, દિલ્હી-એનસીઆરની સમસ્યાઓના સમાધાન માટે છેલ્લા આઠ વર્ષમાં અનેક મહત્વના પગલા ભરવામાં આવ્યા છે. છેલ્લા ૮ વર્ષમાં દિલ્હી-એનસીઆર મેટ્રોની સેવાનું વર્તુળ ૧૯૩ કિલોમીટરથી આશરે ૪૦૦ કિલોમીટર સુધી પહોંચી ગયું છે.

ઉદ્ઘાટન દરમિયાન પીએમ મોદીએ કહ્યુ કે, આજે દિલ્હીને કેન્દ્ર સરકાર તરફથી આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ભેટ મળી છે. આટલા ઓછા સમયમાં કોરિડોરને તૈયાર કરવો સરળ નહોતો. આ રસ્તા દિલ્હીના સૌથી વ્યસ્ત રસ્તા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ નવુ ભારત છે. સમસ્યાઓનું સમાધાન કરે છે. નવા સંકલ્પો પણ લે છે અને તે સંકલ્પોને સિદ્ધ કરવા માટે પ્રયાસ પણ કરે છે. તેમણે કહ્યું કે દેશની રાજધાનીમાં વિશ્વ સ્તરીય કાર્યક્રમો માટે સ્ટેટ ઓફ ધ આર્ટ સુવિધાઓ હોય, એક્ઝીબિશન હોલ હોય, તે માટે ભારત સરકાર સતત કામ કરી રહી છે.

દિલ્હીમાં પ્રગતિ મેદાન ટનલના નિરીક્ષણ દરમિયાન ત્યાં કચરો તથા પ્લાસ્ટિકની ખાલી બોટલ જોવા મળી હતી. પોતાના નિરીક્ષણ દરમિયાન પીએમ મોદીએ આ કચરો અને પ્લાસ્ટિકની બોટલ પોતાની જાતે ઉપાડી હતી. નોંધનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્વચ્છતાને ખુબ મહત્વ આપે છે.



# ગુજરાત ગૌરવ અભિયાન અંતર્ગત ૪૨ પાટીદાર સમાજ હોલ લુણાવાડા ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, ગુજરાત ગૌરવ અભિયાનની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત માન.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વડોદરા ખાતેથી વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ૪૨ પાટીદાર સમાજ હોલ લુણાવાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેનની તેમજ લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર ની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના પ્રતિક રૂપે ૧૦ લાભાર્થીઓને આવાસની ચાવી અને કળશ આપી તેમનો પાકા મકાનોમાં ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતૃના દિર્ઘઆયુ માટે શુભકામના કરતાં પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે ગરીબોને રહેવા માટે છતનું નિર્માણ તથા ગરીબોનો વિકાસ થયો છે. લોકોને ઘરનાં ઘર બનાવવા માટે મળતી સહાય પ્રધાનમંત્રી આવાસ યોજના આશિર્વાદરૂપ છે. આ યોજનાના કોઈપણ વ્યક્તિ વંચિત ન રહે, એ માટે આપણે નિમિત્ત બનવું જોઈએ.

આ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે જણાવ્યું હતું કે, ગ્રામિણ વિસ્તારોમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને શહેરી વિસ્તારોમાં નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસો પુરા પાડવામાં આવે છે. જેમ જેમ મકાનનું કામ થતું જાય તે રીતે આગળના હપ્તા ચુકવવામાં આવે છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણીએ આ પ્રસંગે ઉદબોધન કરી લાભાર્થીઓને વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી. મહીસાગર જીલ્લામા ૭ હજારના લક્ષ્યાંકની સામે ૭૪૦૦ આવાસનું કામ પૂર્ણ થયેલ છે. ત્યારે જિલ્લાની ટીમને શુભેચ્છાઓ આપી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ વડોદરાથી ગુજરાત ગૌરવ અભિયાનના પ્રધાનમંત્રીના કાર્યક્રમને જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો શુભારંભ તમામ આદિજાતિ તાલુકા માટે પોષણ સુધા યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મહાનુભાવુના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી અને કળશ આપી ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.કે.જાદવે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા.

આ કાર્યક્રમમાં લુણાવાડા નગરપાલીકા પ્રમુખ ભાવનાબેન મહેતા, સંતરામપુર, લુણાવાડા અને ખાનપુર તાલુકા પંચાયતના પ્રમુખઓ, તાલુકાના જિલ્લા અગ્રણીઓ સહીત જુદા જુદા તાલુકાઓમાંથી આવતા લાભાર્થીઓ તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરના મોટા અંબેલા ગામે નલ સે જલ યોજનાનું લોકાર્પણ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના મોટા અંબેલા ગામે નલ સે જલ યોજનાનું લોકાર્પણ અને ગોઠીબ જિલ્લા પંચાયતના ત્રણ ચાલુ તાલુકા સભ્યો અને ત્રણ માજી તાલુકા સભ્યો સહીત અંબેલા સરપંચ અશોકભાઈ બી કે ગણસવા સહીત આશરે ૫૦૦ જેટલાં કાર્યકરો ભાજપમાં જોડવાનો કાર્યક્રમ ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના મંત્રી ડો. કુબેરભાઈ ડીડોર, પૂર્વ કેન્દ્રીય મંત્રી જસવંતસિંહ ભાભોરના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે આદિજાતિ મોરચાના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ રમેશભાઈ ભાભોર, મહીસાગર જિલ્લા ભાજપ મહામંત્રી રાવજી, કા.બાંધકામ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ કટારા, ગડિયા જિલ્લા સીટના સભ્ય સચીનભાઈ શાહ, રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ જય પ્રકાશભાઈ પટેલ, જિલ્લા ઉપ્રમુખ શાંતિલાલ પટેલ, એ ટી.વી.ટી. સભ્ય શાંતી કાકા તથા સંતરામપુર મંડળ પ્રમુખ બળવંતભાઈ પટેલીયા બન્ને મહામંત્રી, તાલુકા પંચાયતના પ્રમુખ શારદાબેન પેટેલીયા, તાલુકા ન્યાય સમિતિના ચેરમેન હરીશભાઈ વળવાઈ, તાલુકા ઉપ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, (નેશ) દાનજી ભાભોર સરપંચ સહીત ગામના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા.

# સંતરામપુર મામલતદારનો વિદાય સમારંભ યોજાયો



સંતરામપુર, સંતરામપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે મામલતદાર અધિકારીનો વિદાય સમારંભ યોજાયો. સંતરામપુરમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા કે.જે.વાઘેલા સંતરામપુર ખાતે ફરજ બજાવી રહ્યા હતા. તેમની બદલી ઇડર ખાતે થતા સંતરામપુર ટાઉન હોલમાં વિદાય સમારંભ રાખવામાં આવેલ હતો. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી સત્યમ ભરવાડ, નાયબ તાલુકા વિકાસ અધિકારી સોલંકી તથા મામલતદાર કચેરીનો સ્ટાફ હાજર રહ્યો હતો. સંખ્યાબંધ વ્યક્તિઓ આ કાર્યક્રમમાં હાજર રહીને વિદાય આપી હતી. તેમનું સન્માન પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કે.જે. વાઘેલા મામલતદાર જણાવેલું કે હું ક્યારેય સંતરામપુર અને સંતરામપુરના તમામ લોકોને નહીં ભૂલું કારણકે મને સંતરામપુર માંથી સારો એવો પ્રેમભાવ મળેલો છે. પોતાના બે શબ્દો કહેતા રડી પડ્યા હતા. સંતરામપુર માંથી ઘણો પ્રેમભાવ અને સહકાર મળ્યો હતો.

## મોરવા(હ)ના વંદેલી ગામે આ જમીન અમારી છે તેમ કહીને ચાર વ્યકિત દ્વારા મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના વંદેલી ગામે ૪ વ્યકિતને ફરિયાદીના ઘરે આવીને આ જમીન અમારી છે. અહીંયા થી નિકળી જાવ તેમ કહીને ગાળો આપી ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે મોરવા(હ)ના વંદેલી ગામે રહેતા પર્વતભાઈ મનાભાઈ ભમાત પોતાના ઘરે હતા. ત્યારે આરોપી ઈસમો ભારતભાઈ નાનાભાઈ ગરાસીયા, સુરેશભાઈ ગરાસીયા, લીલાબેન, પાર્વતીબેન આવીને આ જમીન અમારી છે. તમે અહીંથી નિકળી જાવ તેમ કહીને ગાળો આપતા હોય જેથી પર્વતભાઈ અને કમળાબેને ગાળો બોલવાની ના પાડી હતી. ત્યારે ચાર વ્યકિતઓએ કમળાબેનને લાકડીના ફટકા મારી ઈજાઓ પહોંચાડી તેમજ જાન થી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ચાર વ્યકિતઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી છે.

## ગોધરા સ્ટેશન રોડ સ્થિત તેલની દુકાનમાંથી ૫૮ હજારના તેલના બોક્સ અને ડબ્બાની ચોરી

ગોધરા, ગોધરા શહેરના નીલમ લોઝ પાસે આવેલી એક તેલની દુકાનમાંથી અજાણ્યા તસ્કરોએ હાથફેરો કરતા કુલ ૫૮,૭૮૦/-રૂ.ના તેલના બોક્સ તેમજ ડબ્બાની ચોરી કરી ગુનો કરતા આ મામલે દુકાન માલિક દ્વારા ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ગોધરા શહેરના અતિ વ્યસ્ત ગણાતા વિસ્તાર એવા સ્ટેશન રોડ પર આવેલી નીલમ લોઝ પાસેની ન્યુ બેસ્ટ ઓઈલ ડેપો નામની દુકાનમાંથી તેલના બોક્સ તેમજ ડબ્બાઓની ચોરી થઈ હોવાનો બનાવ બનવા પામ્યો હતો. તેલના દુકાન માલિક અબ્બાસ સૈફુદ્દીન મીઠીબોરવાલાએ ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, કોઈ અજાણ્યા તસ્કરોએ તેમની તેલની દુકાનમાંથી હાથફેરો કરતા વેજીટેબલ ઓઈલના ૯ ડબ્બા રૂ.૨૧,૬૦૦/-, સરસીયુ તેલના ૬ બોક્સ રૂ.૧૧,૩૦૦/-, સીંગતેલના બોક્સ-૫ રૂ.૧૦,૦૦૦/-, કપાસીયા તેલના ૨ બોક્સ તેમજ ૧૫ લીટરના ૪ ડબ્બા રૂ.૧૫,૮૮૦/-એમ કુલ ૫૮,૭૮૦/-ના મુદ્દામાલની ચોરી કરી હતી.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકા બ્લોક હેલ્થ કચેરી દ્વારા બ્લડ ડોનેટ કેમ્પનું આયોજન કરાયું. સંતરામપુર તાલુકા બ્લોક હેલ્થ કચેરીમાં ૧૧૩ યુનિટ ડોનેટ કરવામાં આવેલું હતું. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીડોર તાલુકા બ્લોક કચેરીના ડામોર સ્ટાફ તમામ હાજર રહ્યા હતા. તમામના સહયોગથી આ કેમ્પને સફળ બનાવવામાં આવેલો હતો.**



**સંતરામપુર નગરમાં વોર્ડ નં.૧ માં પ્રાથમિક સદસ્યતા અભિયાન અંતર્ગત જીલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયા બેઠક કરી ૭૮૭૮૧૮૨૧૮૨ નંબર ડાયલ કરી રજીસ્ટ્રેશન કરાવ્યું. જેમાં સાથે જીલ્લા મહામંત્રી રાવજીભાઈ પટેલ, સંયોજક ભરતભાઈ પટેલ, સંતરામપુર નગર મહામંત્રી નીતીનભાઈ રાણા, મનોજભાઈ, કોર્પોરેટર પાર્ટીના હોદ્દેદારો જીલ્લા હોદ્દેદારો, સોશીયલ મીડીયાના જીગ્નેશકુમાર પગી, નીરવભાઈ, ચંદ્રેશભાઈ ભાવસાર હાજર રહ્યા હતા.**

# નાલંદા વિદ્યાલયના બાળકો દ્વારા 'વર્ષાત્સવ' અને 'માતૃશકિત' શતાબ્દી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



ગોધરા, નાલંદા વિદ્યાલય ના બાળકોએ વર્ષાના વધામણા સાથે વડાપ્રધાન મોદીના માતા હીરાબાના ૧૦૦માં જન્મદિવસે શતાયુ મહોત્સવ ઉજવ્યો. આજના પ્રદૂષિત વાતાવરણ ૧૦૦ કે તેથી વધુ વર્ષ તંદુરસ્ત આયુષ્ય હોવું એક વિશેષ ઉપલબ્ધિ ગણાય આ માટે તન-મનનું નિરોગી હોવાની આવશ્યકતા સમજાવતા શાળા સંચાલક નેહલબેન જોશીએ પ્રેરક પ્રવચન આપ્યું.

પાવાગઢ પંચમહાલ મોદી એ પોતાની જનની ઉપરાંત જગજનનીને નમસ્કાર કર્યા. જે સૌ વિદ્યાર્થીઓ માટે અનુકરણીય ઘટના છે. આજના દિવસે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ હીરાબા સાથે સૌ ભારતવાસીઓની તંદુરસ્ત અને દીર્ઘાયુ માટે વિશેષ પ્રાર્થના કરી.

## દે.બારીઆ નગર પાલિકાની હાલાની બોડી લઘુમતી સભ્યોના ટેકા થી ધમધોકાર ચાલે છે તો પણ લઘુમતી વિસ્તારના વિકાસના કાર્યો થતા નથી કેમ...?

દે.બારીઆ, દે.બારીઆ નગર પાલિકા વિસ્તારના છ વોર્ડ હોય છે. જેમાં ૨૪ સભ્યો ચુંટાઈને લાવવાના હોય છે. ૨૪ સભ્યો માંથી લઘુમતીના ૧૦ સભ્યોએ પાલિકાના ભાજપાની બોડી બનાવવા માટે ટેકો આપ્યો હોવા છતાં લઘુમતિ વિસ્તાર જેવાં કે, કસ્બા, ભે દરવાજા, પીઠા કાપડી આ વિસ્તારોના વિકાસના કાર્યો કેમ કરવામાં આવતા નથી. તે યક્ષ પ્રશ્ન છે.

દે.બારીઆ નગર પાલિકાની સામાન્ય ચુંટણી થઈ હતી. ત્યારે કોંગ્રેસ પક્ષને બહુમત મળતા કોંગ્રેસની બોડી બનાવવામાં આવી હતી. ત્યારબાદ થોડા મહિનામાં કોંગ્રેસની બોડીને તોડીને ભાજપે બોડીની રચના કરવા માટે કોંગ્રેસના જ સભ્યોને અંદરો અંદર લડાવી અને કથીત હોર્સ ટ્રેડીંગ દાવ અજમાવી કોંગ્રેસની બોડી તોડી દેવામાં આવી હતી. આ વિષય માન્ય હાઈકોર્ટ સુધી ગયો હતો. ત્યારબાદ ફરી ભાજપમાં ગયેલા કોંગ્રેસ પક્ષના તમામ ઉમેદવારને પ્રમુખ બનાવવાની લાલચ આપી બની હતી. પછી ટુંક સમયમાં જ દક્ષાબેન નાથાણી સામે પક્ષ પલ્ટાનો કાયદો લાવીને અવિશ્વાસનો પ્રસ્તાવ મુકી બોડીને ફરી તોડી પાડવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ચાર્મીબેન સોનીને પ્રમુખ પદતાજ આપવામાં આવ્યો. આ ભાજપાની બોડી બનાવવા માટે ૧૦ લઘુમતીના સભ્યો ભાજપાની બોડીને ટેકો આપતા બોડી બનવા પામી હતી અને હાલમાં પણ ચાલે છે. કથિત હોર્સ ટ્રેડીંગ બોડી બની હોય ગમે તેમ પણ લઘુમતીઓ કેટા થી ભાજપની બોડી બની છે. તેમ છતાં લઘુમતી વિસ્તારના સભ્યો પણ વિકાસના કાર્યો કરવા માટે તસ્દી લેતા નથી. તેવું આમ જનતા પૂછી રહી છે. અને ગણગણાટ કરે છે. અમારા ચુંટેલા સભ્યો ૧૫ લા લઈને વેચાઈ ગયા છે. તેથી અમારા લઘુમતી વિસ્તારમાં વિકાસના કાર્યો થતા નથી. હવે આગળ આવતી સભ્ય પાલિકાની ચુંટણીમાં તેમને ઘરનો રસ્તો દેખાડી શું.

હાલમાં પાલિકા વિસ્તારમાં અનેક કાર્યો થઈ રહ્યા છે. ટાઈમર સ્ટ્રીટ લાઈટોના થાંભલા બધાજ વિસ્તારોમાં કાર્યરત થઈ પણ ગયા છે. નાનું કાર્ય જેવી કે, મીની વોટર્સ પ્લાન જે અગાઉના વર્ષોમાં હર ઘર નલ સે જલની યોજના અનુસાર મીની વોટર્સ પ્લાન માટે મોટા ટાંકા સાથે પંપ બેસાડાયા હતા. તેની મોટર્સના સ્ટાટર્સના કેપીસીટર નાનું ઉપકરણ નાખવામાં પણ આઠ થી દસ દિવસ અનેક રજુઆતો કર્યા બાદ પણ પાણી શાખાના કર્મીને નાખવાનો સમય નથી.

ઉપપ્રમુખ, શહેર ભાજપના યુવા શહેર પ્રમુખ, પૂર્વ પ્રમુખ મહેશ બાલવાણીને રજુઆતો કર્યા બાદ પણ એક નાનું ઉપકરણ કેપીશીટર નાખવામાં પણ ધમ પછાડા કેમ કરાવે છે. તે સમજાતું નથી. શું ? ભાજપાની હાલની બોડી લઘુમતી વિસ્તારોને જાણી સમજીને વિકાસના કાર્યોથી કેમ વંચિત રાખે છે. સબ કા સાથ...સબ કા વિકાસ નું કાર્ય સૂત્ર અહીં સાર્થક થતું નથી.

# પંચમહાલ જીલ્લાના મોટાભાગના ગામોમાં નોંધ નં.૬ના ઉતારામાં સુધારા હુકમો તેમજ બિનખેડુતોની સરકારી તેમજ અન્ય જમીનોની તપાસ મહસેલ મંત્રી કરાવે તેવી માંગ

ગોધરા, પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકા ગોધરાના જાગૃત નાગરિકે મુખ્યમંત્રી ગુજરાત સરકારશ્રીને સંબોધી ખુબ જ ભારપૂર્વક અરજદારની રજુઆતો જણાવેલ બાબતે પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા તાલુકો ગોધરાની નોંધો વંચાણે લેવાતી નથી. ગરીબ તથા આદિવાસીઓ તથા સરકારશ્રીને નુકશાન કરનાર નોંધો દલાલો, એજન્ટોના આધારે બિલ્ડરો દ્વારા કાયમી ધોરણે સુધારા હુકમોના નોંધો ઉડાવી લેવામાં આવે છે અને ખુબ જ મોટા પ્રમાણમાં પ્રજાને નુકશાન વેઠવાનાવારા આવે છે. (૧) નોંધ પાડનાર સર્કલ ઓ.નામંજુર કરે છે. (૨) મામલતદારો દ્વારા ખોટા સુધારા હુકમો કરી જુની નોંધો ઉડાવી નાખે છે. (૩) પ્રાંત અધિકારી કોર્ટમાં કોઈ જુની નોંધો સાથે આર.ટી.એસ. અપીલો તથા સટીએસ અપીલો પુરુ રેકર્ડ રૂલ્સની ના પહોંચવાથી નુકશાન થાય છે અને રેકર્ડ હોવા અંગે અરજદારો તરફથી જજમેન્ટોમાં ઉલ્લેખ કરવામાં આવતા નથી. (૪) જીલ્લા કલેકટર પંચમહાલ તરફ થી પણ રેકર્ડ રૂલ્સ મુજબની નોંધો ના મળવાને કારણે પ્રાંત ગોધરાના જજમેન્ટોને મહત્વગણી માન્ય રાખવામાં આવે છે. (૫) એસ.એસ.આરડીમાં રેવન્યુ નોંધો સાથે પુરેપુરી હકીકતો જીલ્લા કલેકટર પંચમહાલના વહીવટદારો પાસે જુની નોંધોનું રેકર્ડ માંગવામાં આવતું નથી. મોટા પ્રમાણમાં ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમકોર્ટમાં પણ પ્રજાની નુકશાન વેઠવાનો વારો આવે છે. આ પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકાના તમામ ગામની જમીનો નોંધો વંચાણે કે ઉડાવી લેવા બાબતે (૧) મહેસલુ મંત્રી, (૨) મહેસુલ અધિક સચિવ, (૩) ગુજરાત તકેદારી આયોગ સચિવ અને કમિશ્નર, (૪) મોનેટરીંગ સેલ ગુજરાત સરકાર તરફ જાગૃત નાગરિક દ્વારા જણાવેલ કે વિષય જીલ્લા પંચમહાલના તાલુકા ગોધરા ગામો અંગેની ભારપૂર્વક રજુઆતો ગુજરાત સરકારને કરવામાં આવેલ છે. ગોધરા ગામના (૧) પોપટપુરા, (૨) વણાંકપુર, (૩) અંબાળી, (૪) વાવડી બુઝર્ગ, (૫) ગદુકપુર, (૬) હમીરપુરા, (૭) લીલેસરા, (૮) સારંગપુર, (૯) ભામૈયા, (૧૦) ચિખોદ્રા વિગેરે પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકો ગોધરાની તમામ ગામોની નોંધો અંગે વિસંગતતા દેખાય છે અને કેટલી નોંધો વંચાણે લેવાતી નથી અને કેટલી નોંધો રેવન્યુ રેકર્ડની ઉડાવી લેવામાં આવેલ છે. જે સુધારા હુકમોના રેવન્યુ રેકર્ડની ઉડાવી લેવામાં આવેલ છે. જે સુધારા હુકમોના આધારે પ્રજા સાથે તથા ગુજરાત રાજ્ય સરકાર સાથે પંચમહાલ જીલ્લાના તમામ મહેસુલી કર્મચારીઓ-અધિકારીઓ એક પછી એક બદલાતા ઓ.એ. પ્રજા સાથે અને શ્રીસરકાર સાથે વિશ્વાસઘાત કરી કરાવી સરકારને અન્ય પ્રકારની નુકશાન કરેલ છે. તેવી માંગ પંચમહાલ જીલ્લા તાલુકો ગોધરામાં જરૂરી યોગ્ય તપાસ થાય તેવી ગુજરાત સરકારને યોગ્ય મહેસુલી ટીમ આવે અને આ તમામ પ્રકારની રેકર્ડ રૂલ્સ તથા ઓનલાઈન નોંધો તપાસ કરવામાં આવે તો સરકારશ્રી તથા ગરીબોની જમીનો બોગસ નોંધો રેકર્ડ સાથેની તમામ પ્રકારની ગેરરીતિઓની કરેલ વિગતો ચોક્કસ પાને મળી આવે અને કેટલાક (બોગસ ખેડુતો) પણ પંચમહાલ જીલ્લા માંથી મળી તેથી આવે મહેસુલ મંત્રી, અધિક સચિવ, ગાંધીનગર તરફ ખોટા (એન.એ.) ખોટા બાંધકામો નિયમો તથા પરિપત્રો હુકમ નહી કરેલ દ્વારા વાણિજય હેતુની દુકાનો ગોધરા હુકમની તપાસ થાય તમામ ગેરરીતિઓ બહાર આવે તેમ છે તથા ૭. એ.એ.વાળી જમીનોમાં વહીવટી અધિકાર બહારના હુકમો કરેલ છે અને દલાલો, બિલ્ડરો દ્વારા દેવસ્થાનની જમીનોમાં કોમ્પલેકસ, પેટ્રોલ પંપો, ગોડાઉન્સો વિગેરે તબલીઓ સુધારા હુકમના આધારે સરકારી કર્મચારીઓ-અધિકારીઓ સાથે તમામ વિગતો રેકર્ડથી વાકીફ હોવા છતાં આવા ખોટા સુધારા હુકમો કરાવી પંચમહાલ જીલ્લા ગામની તમામ જમીનો વિગેરેની મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત સરકાર ગોધરા પંચમહાલ સ્પેશ્યલ ટીમ નીમી યોગ્ય તપાસ ભારપૂર્વક અને ઝીણવટભરી યોગ્ય નોંધો તથા સુધારા હુકમોની ચકાસણી કરી વંચાણે ના લેવાતી નોંધ કરનાર સામે યોગ્ય ફોજદારી રાહે પગલા લે તેવી રજુઆતો કરવામાં આવેલ છે અને વંચાણે ના લેવાતી નોંધો પંચમહાલ ગોધરા કલેકટરના કર્મચારીઓ-અધિકારીઓ કરશે કે નહી કે જીલ્લા કલેકટરની રાહ જોશે તે જોવાનું રહ્યું કે પછી ગુજરાત સરકારના આપેલ આદેશો-પરિપત્રો કરાવોનું અકમાણ કરશે કે કરાવશે જે જીલ્લા કલેકટર પંચમહાલના કર્મચારીઓ અધિકારીઓને જોવાનું રહ્યું. આ ગામોની જમીનોમાં બિલ્ડરો એજન્ટોની તમામ નોંધો તેઓના મિલ્કતોની ફરીથી સ્કેન્ડ કરેલ છે અને સરકારી હજરતી ગધા-૪૩ના નિયમો ફાજલ એન.એ.ની અન્ય પ્રકારની મિલ્કતો ખુબ જ મોટા પ્રમાણમાં જો મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના નેતૃત્વ હેઠળ ટીમ દ્વારા તપાસ થાય તો કરોડો કરોડો રૂપીયાની મિલ્કતોના કૌભાંડો પંચમહાલ જીલ્લા માંથી બહાર આવે તેમ છે અને આવી જમીનો ઉપર પંચમહાલ જીલ્લા કલેકટર મુખ્ય અધિકારીની નજર રહેશે નહીં તો તમામ એક પછી એક જમીનો સાફ થઈ જશે અને નોંધોના કારણે પ્રજા તથા સરકારને નુકશાન વેઠવાનો વારો આવે છે. જેથી જે જે કર્મચારીઓ- અધિકારીઓની ગેરરીતિઓ કરેલ અંગે મંત્રીશ્રી દ્વારા સખત સુચના આપવામાં આવેલ કે કોઈ પણ ચમરબંધીને છોડવામાં આવશે નહીં તેવા આદેશો આપેલ છે અને વધુમાં તેવું પણ જણાવેલ છે કે, કોઈપણ જાતની ગેરરીતિઓ તથા બિનખેડુતોની અરજી જે જીલ્લામાંથી મળશે તેની તાત્કાલીક પગલા ભરીશું અને બોગસ ખેડુત બનેલ તથા બનાવેલ અધિકારી સામે ખાતાકીય પગલાં લઈ ફોજદારી ગુનો દાખલ કરવામાં આવશે તેવી ચેતવણીઓ મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત રાજ્ય તરફથી અવારનવાર મિડીયા તથા દૈનિક દ્વારા જણાવેલ છે. જો આ બાબતે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી બોગસ ખેડુતો સામે પંચમહાલ જીલ્લામાં ટીમ નિમશે ખરાં.....?

## સંજેલી ગ્રામ પંચાયતમાં ગ્રામસભામાં પીવાના પાણીની સમસ્યાની રજુઆત

સંજેલી, દાહોદ જિલ્લા સંજેલી ગૃપ ગ્રામ પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં ગ્રામસભા યોજવામાં આવી હતી. જેમાં ઈન્ચાર્જ તલાટી કમ મંત્રી, સરપંચ તેમજ પંચાયતના સભ્યો હાજર રહ્યા હતા. જેમાં નગરજનોએ પીવાના પાણીની મુશ્કેલીઓ અંગે રજુઆત કરી હતી. કેટલાક વિસ્તારોમાં રહિશોને રોજ વેચાતુ પાણી લેવુ પડતુ હોવાની ફરિયાદો કરાઈ હતી. જેથી પંચાયત દ્વારા ટેન્કરો વડે પાણી આપવા માંગણી કરાઈ હતી. આ ઉપરાંત રસ્તાની સાફસફાઈ, ચામડીયા ફળિયાના રોડ પર ઉભરાતા ગંદા પાણી તથા પાકી ગટર બનાવવા રજુઆત કરાઈ હતી. તેમજ દરેક ઘર પાસે શૌચ ખાડા બનાવવા માટે નોટિસો આપવા, નવી સ્ટ્રીટ લાઈટો તેમજ જે હાલમાં બંધ છે તેવા થાંભલાઓ પરના લાઈટો ચાલુ કરવા, કેટલાક રસ્તા તેમજ રમત-ગમતનુ મેદાન આપવા તથા નલ સે જલ યોજનાની ખોરંભે પડેલી કામગીરી ચાલુ કરવા અને પુષ્પસાગર તળાવની સાફ સફાઈ જેવી અનેક સમસ્યાઓની નગરજનોએ રજુઆત કરી હતી.

# આપની આજ.......

મેષ : કારોબારી વિસ્તારને લગતી કોઈ યોજના ઉપર અમલ થશે. તમારો જીવન પ્રત્યેનો પોઝિટિવ દષ્ટિકોણ તમારા વ્યક્તિત્વને વધારે નિખારશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે. પરિવાર તથા લગ્નજીવનમાં સારો તાલમેલ જળવાયેલો રહેશે.

વૃષભ : કોઈના ઉપર વધારે વિશ્વાસના મામલે પણ સાવધાન રહો. વ્યવસાયમાં કોઈ વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. સમય અનુકૂળ છે, મોટાભાગના કામ થોડી કોશિશથી જ પૂર્ણ થઈ જશે.

મિથુન : આર્થિક મામલે ઠોસ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા માટે સમય અનુકૂળ છે. ઉતાવળ અને બેદરકારીના કારણે તમે કોઈ મુશ્કેલીમાં પડી શકો છો. કામનો ભાર હોવા છતાં તમે અંગત સંબંધોની મિઠાસને જાળવી રાખશો.

કર્ક : જીવનસાથીની સલાહ અને સમજણ તમારા માટે ફાયદાકારક સાબિત થશે. વેપારમાં કોઈના ઉપર પણ વિશ્વાસ ન કરીને બધું કામ તમારી દેખરેખમાં કરો. આ સમયે ભાગ્ય અને ગ્રહ સ્થિતિ તમારા પક્ષમાં છે. નાણાકીય મામલે પણ સુધાર થશે.

સિંહ : સમાજમાં તમારા કામના અને યોગદાનના વખાણ થશે. વ્યવસાયિક રાજકીય મામલો કોઈની દખલથી ઉકેલાઈ જશે. ભાવનાઓના આવેશમાં ન આવો, તમારા દિમાગથી સમજી-વિચારીને જ દરેક કામ કરો. તમારા ગુસ્સા અને આવેશ ઉપર કાબૂ રાખો.

કન્યા : કામકાજના નવા અવસર પ્રાપ્ત થશે. પરિવાર સાથે જોડાયેલી કોઈ સમસ્યાનું જલ્દી જ નિરાકરણ થશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે. પતિ-પત્ની એકબીજાની ભાવનાઓનું સન્માન કરશે. યુવા વર્ગ પોતાના લક્ષ્યની પ્રાપ્તિને લઈને ચિંતિત રહી શકે છે.

તુલા : રૂપિયાની ઉધારી બિલકુલ ન કરો. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. યુવાઓને સફળતા મળવાથી ગજબનો ઉત્સાહ જળવાયેલો રહેશે. સમાજ સેવા તથા લોક કલ્યાણકારી કાર્યમાં તમારો રસ રહેશે. બિઝનેસ પાર્ટનર સાથે કોઈ નાની વાતને લઈને વિવાદ થઈ શકે છે.

વૃશ્ચિક : આ સમય શાંત રહીને પસાર કરવાનો છે. પતિ-પત્નીના સંબંધ મધુર રહેશે. આ સમયે પડી જવાથી કોઈ દુર્ઘટના જેવી સ્થિતિ બની શકે છે. તમે વ્યવસાયિક કાર્યોમાં વધારે ધ્યાન પૂર્વક તથા સમજી-વિચારીને નિર્ણય લેશો. કોઈ શુભ સંદેશ કે સમાચાર પણ પ્રાપ્ત થશે.

ધન : વેપારમાં આશા પ્રમાણે યોગ્ય ફેરફાર આવશે. કોઈ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવી તમને આત્મિક સુકૂન આપશે. ઘરના કોઈ વડીલ વ્યક્તિના સ્વાસ્થ્યને લઈને ચિંતા રહેશે. થોડા વિરોધીઓ પણ તમારું નુકસાન કરવાની કોશિશ કરી શકે છે.

મકર : આ સમયે વેપારમાં ક્રિયાશીલતા રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે. મન પ્રમાણે કોઈ કામ પૂર્ણ થવાથી સુખ મળશે. લગ્નજીવનમાં સુખ રહેશે. ઈચ્છાઓ વધારે રહેશે, તેને પૂર્ણ કરવા માટે વધારે મહેનત અને કોશિશ કરવાની જરૂરિયાત છે.

કુંભ : પરિવારમાં સુખ અને મોજ-મસ્તીનું વાતાવરણ રહેશે. કોઈપણ નવા સંબંધ બનાવવામાં ઉતાવળ ન કરો. જીવનમાં આવેલાં ફેરફારનો પોઝિટિવ પ્રભાવ તમારા વ્યક્તિત્વ ઉપર પડી શકે છે. મીડિયા, કળા, લેખન વગેરે સાથે જોડાયેલાં મામલો માટે સમય યોગ્ય છે.

મીન : કામનો ભાર વધારે હોવાથી તમને અનિદ્રા અને બેચેનીની સમસ્યા પણ થઈ શકે છે. પરિવાર સાથે હરવા-ફરવા, સિનેમા વગેરેમાં જવાનો પ્રોગ્રામ બનશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. માનસિક અને શારીરિક રૂપથી તમે સ્વસ્થ અને પ્રસન્ન રહેશો.

# દાહોદ આરોગ્ય કર્મચારીઓ પડતર માંગણીને આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી

દાહોદ,

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના દાહોદના આરોગ્ય કર્મચારીઓ દ્વારા આજરોજ પોતાની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે દાહોદ જિલ્લા પંચાયતની બહાર ધરણા પ્રદર્શન યોજી વિરોધ પ્રદર્શન કરી આગામી દિવસોમાં ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની ચીમકી ઉચ્ચારી હતી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના દાહોદ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા આજરોજ પોતાની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે દાહોદ જિલ્લા પંચાયતની બહાર ધરણા પ્રદર્શન યોજ્યું હતું. ધરણાં પ્રદર્શનમાં સુત્રોચ્ચારો પણ કરવામાં આવ્યાં હતાં. પોતાની વિવિધ પડતર માંગણીઓમાં જણાવ્યાં અનુસાર, ગ્રેડ પેમાં સુધારો, પગાર ધોરણ વધારવા, કોરોના વોરિયર્સ તરીકેનું ભથ્થુ વિગેરે જેવા વિવિધ પ્રશ્નો પડતર હોવાનું જણાવ્યું હતું અને આ તમામ પડતર પ્રશ્નોનું ત્વરીત નિરાકરણ આવે તેવી માંગણી કરી હતી. સરકાર સમક્ષ આ મામલે અનેકવાર રજુઆતો કરવા છતાંય સરકાર દ્વારા આરોગ્ય કર્મચારીઓના હિતમાં કોઈ નિર્ણય લેવામાં ન આવતાં આરોગ્ય કર્મચારીઓએ આંદોલનના માર્ગે જવાનું નક્કી કર્યું છે જેમાં કામગીરી ચાલુ અને રિપોર્ટીંગ બંધ, તારીખ ૨૭,૩૦મી જુન અને ૦૪ જુલાઈના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

# ફતેપુરાના કાળિયા વલુંડાના ઘૂઘસ રોડ વિસ્તારમાં નવીન RCCની કામગીરી તાત્કાલિક ધોરણે સ્થગિત કરવા માંગ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ફતેપુરા અને કાળિયા વલુંડાના ઘુઘસ રોડ વિસ્તારના રહીશો દ્વારા નવીન બનાવવામાં આવતા આર.સી.સી રોડની કામગીરી બંધ કરવાની માંગ સાથે રોડની કામગીરી કરતા પહેલા રોડને તોડ્યા બાદ જ રોડ બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. જો રોડને તોડ્યા વગર જો જૂના આર.સી.સી રોડ પર રોડ બનાવવામાં આવે તો ઘુઘસ રોડ વિસ્તારના લોકોના મકાનો ડુબાણમાં જાય તેમ હોવા થી લોકો દ્વારા માંગ કરવા માં આવી રહી છે કે પહેલા જૂના રોડને તોડી નાખવામાં આવે ત્યાર બાદ જ નવો આર.સી.સી રોડ બનાવવામાં આવે તેવી માંગ સાથે તાલુકા વિકાસ અધિકારી ફતેપુરાને રજૂઆત કરવામાં આવી હતી અને હાલ જે રોડ બનાવવામાં આવી રહ્યો છે. બંધ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરાના ઘુઘસ રોડ વિસ્તારના લોકો રોડ બનાવવાની કામગીરીનો કોઈ પણ વિરોધ કરવામાં નથી આવી રહ્યો પરંતુ હાલ જે જૂનો આર.સી.સી રોડ તે પણ ઘરોના લેવલ થી ઉંચો છે. ત્યારે ફરી થી બીજી વાર આર.સી.સી. રોડ ઉપર નવીન કારપેટ કરવામાં આવશે તો હાલ જે લેવલ છે. તેનાથી પણ ઉપર જાય તેમ છે હાલ પણ વરસાદના સમયે ઘુઘસ રોડ વિસ્તારના રહીશોના ઘરોમાં પાણી ભરાઈ જતાં હોય છે. ત્યારે જો પહેલા પાણીનો નિકાલ માટે ગટરની વ્યવસ્થા કરવામાં આવે કાં તો રોડની બંને બાજુ નાલી બનાવવામાં આવે તો રોડ પરનું પાણી નાળીમાં પડી જાય અને ઘરોમાં ન આવે જેથી હાલ જે જૂનો રોડ છે. તેને તોડી ફરી થી નવીન રોડ બનાવવામાં આવે તેવી માંગ સાથે સ્થાનિક રહીશો દ્વારા ઉગ્ર વિરોધ સાથે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. ફતેપુરા તાલુકાના કાળિયા વલુંડા ગામે ઘૂઘસ રોડ વિસ્તારના નવીન આરસીસી રોડની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા શરૂ ઘરાઈ હતી. આ રોડની કામગીરીમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા મકાનોના લેવલ કરતા ઉંચો રોડ બનાવાતા રહીશોમાં નારાજગી ફેલાઈ છે. રહીશોએ નારાજગી વ્યક્ત કરીને કામગીરી બંધ કરવાની માંગ કરી છે અને તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આમ, ફતેપુરા તાલુકાના કાળિયા વલુન્ડા ગામના ઘૂઘસ રોડ વિસ્તારમાં નવીન આરસીસી રોડની કામગીરીમાં ઘરના લેવલ કરતા ઉંચો રોડ બનાવાતા કામગીરી બંધ કરાવા માંટે તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

# ફતેપુરામાં ખેતીવાડી અધિકારી દ્વારા આકસ્મિક તપાસ કરવામાં આવી

દાહોદ,

ફતેપુરામાં ખેતીવાડી વિભાગ દાહોદ અને વડોદરા મદદનીશ ખેતી નિયામક દ્વારા ફતેપુરામાં એગ્રો સેન્ટરો ઉપર રેડ કરવામાં આવી હતી. ફતેપુરામાં પાંચ એગ્રો સંચાલકોને નોટીસ પાઠવવામાં આવી હતી. ફતેપુરામાં હલકી ગુણવત્તાવાળુ બિયારણ પણ વેચવામાં આવે છે. તેની પણ ખરેખર તપાસ થાય તે જરૂરી જણાઈ રહી છે. બિયારણ સારી ગુણવત્તાવાળું છે કે એક્સપાયરી ડેટ છે કે કેમ તેની તપાસ કરી અને બિયારણ ખરીદવું જોઈએ જેથી કરી અને બિયારણના પૈસા માથે ના પડે અને સમય અને પૈસાની બરબાદી ન થાય.

ફતેપુરામાં ખેતીવાડી અધિકારી દ્વારા આકસ્મિક તપાસ કરવામાં આવી છે. એગ્રો સંચાલકો દ્વારા એક્સપાયરી ડેટ બિયારણ મકાઇ શાકભાજી વિગેરેનું મળી આવેલ હતું. તેમાં ત્રણ વેપારીને ત્યાં અને ત્રણ એગ્રો સંચાલકોને ત્યાંથી ૧૪૪ કિલો ગવાર શાકભાજી, મકાઈ વિગેરેનું બિયારણ મળી આવેલ હતું અને તેનો નાશ કરવામાં આવ્યો હતો. તેમાં કુલ અનાજની કિંમત ૩૩,૩૬૫/- રૂપિયાની હતી અને પાંચ એગ્રો સંચાલકોને નોટિસ આપવામાં આવી હતી. ખેડૂત વર્ગ બિયારણનિ ખરીદી કરે તો અવશ્ય તપાસ કરી અને ખરીદી કરવી જરૂરી જણાય રહી છે.

# ગરબાડા ખાન નદીના પુલ નજીક બનેલી અકસ્માતની ઘટના બની હતી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

તા. ૧૮ના ગરબાડા દાહોદ હાઈવે પર ખાન નદી ના પુલ નજીક અજાણ્યા વાહનચાલકે બાઈક ચાલકને ટકર મારતા સર્જાયેલા અકસ્માતમાં બાઈકચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જેથી તેને ૧૦૮ મારફતે દાહોદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જે અકસ્માતમાં ઈજાગ્રસ્ત દર્દીના ખિસ્સા માંથી મળી આવેલ ૫૦ હજાર રૂપિયા રોકડા તથા તેના પાકીટ માંથી ૬૯૦ તથા ચૂંટણી કાર્ડ આધાર કાર્ડ અને ગાડી ની આર.સી.બુક મળી આવી હતી. જેને લઈને ૧૦૮ નો સ્ટાફ દ્વારા ઈજા પામનારના પરિવારનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. જેમા ૧૦૮ ના EMT (વિપુલભાઈ હઠીલા) થતા ૧૦૮ ના પાયલોટ (ભરતભાઈ પરમાર) દ્વારા પરિવારજનો સીધો સંપર્ક કરીને મૃતક પાસેથી મળી આવેલ ૫૦ હજાર રૂપિયા રોકડા અને પાકીટ ચૂંટણી કાર્ડ આધાર કાર્ડ અને ગાડીની આરસીબુક ગરબાડા પાંચવાડા પીએચસી ખાતે બોલાવી ૧૦૮ ના કર્મચારીઓની હાજરીમાં પરત આપીને એક ઉમદા પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. ઈજાગ્રસ્ત વ્યક્તિના પરિવારના લોકો દ્વારા ૧૦૮ ના કર્મચારીનો આભાર માન્ય હતો. અગાઉ પણ આવી જ એક અકસ્માતની ઘટનામાં ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તના પરિવારજનોને તેની ચાંદીની રકમ અને રોકડ પૈસા આપી દેવામાં આવ્યા હતા.

# લીમખેડાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સગર્ભાએ ઓપરેશન વિના એક સાથે ત્રણ બાળકોને જન્મ આપ્યો : ત્રણેય બાળકો તંદુરસ્ત

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં એક મહિલાએ એક સાથે ત્રણ બાળકોને જન્મ આપ્યો છે. સરકારી તબીબે જ નોર્મલ ડીલેવરી કરાવી હતી. ત્યારે હાલ બાળકો અને માતા સ્વસ્થ્ય છે. ત્રણ બાળકોમાં એક પુત્રી અને બે પુત્રનો સમાવેશ થાય છે.

લીમખેડા તાલુકાના મોટા હાથી ધરા ગામના લલિતાબેન નરેશભાઈ ડામોર સગર્ભા હતા અને તેમને પ્રસવની પીડા ઉપડતાં લીમખેડાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં એમ.બી.બી.એસ તબીબ ડો.ગૌરાંગ ચોટલિયા અને સ્ટાફ બ્રધર મુકેશ પટેલ હાજર હતા. તેઓએ લલિતાબેનને ઓપરેશન કર્યા વિના પ્રસુતિ કરાવી હતી. લલિતાબેને એક સાથે ત્રણ બાળકોને જન્મ આપ્યો હતો. જેમાં તેમણે એક પુત્રી અને બે પુત્રોને જન્મ આપ્યો છે.



સામાન્ય રીતે સમય પહેલા અથવા તો એક કરતાં વધુ બાળકો એક સાથે જન્મે છે. ત્યારે તેમને કોઈને કોઈ ખામી હોવાનો ભય રહેલો હોય છે. ત્યારે તાલુકા હેલથ ઓફિસરે દિવ્ય ભાસ્કર ડીજીટલ સાથે કરેલી વાતમાં જણાવ્યુ હતુ કે, ત્રણેય બાળકો તંદુરસ્ત છે. પરંતુ તેમનું વજન ૨ કિલો કરતા ઓછુ છે. જેથી તેમને બાળકોના દવાખાને રીફર કરવામાં આવ્યા છે. જ્યારે માતાની તબિયત પણ સ્વસ્થ હોવાનું તેમણે જણાવ્યુ હતુ.

લલિતાબેનને આ પહેલાં ચાર બાળકો છે. જેમાં ત્રણ પુત્રી અને એક પુત્રનો સમાવેશ થાય છે. ત્યારે પાંચમી વખત તેઓએ ગર્ભ ધારણ કર્યો હતો અને સાગમટે ત્રણ બાળકો અવતરતાં હવે તેમના પરિવારમાં કુલ ત્રણ પુત્રો અને ચાર પુત્રીઓ થયા છે. આમ સરકારી દવાખાને જટિલ ગણાય તેવી પ્રસુતિ કરાતાં દંપતીનો હજારોનો ખર્ચ પણ બચી ગયો છે.

# દાહોદ જીલ્લામાં આરોગ્ય વિભાગે વિશ્વ સીકલ સેલ દિવસની ઉજવણી કરી

દાહોદ,

દાહોદ જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી, ડો સી.આર. પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ડો.નયન જોશી, ઈ.એમ.ઓ તેમજ તમામ તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર ના માર્ગદર્શન હેઠળ સિક્લસેલ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કુલ ૩૪૦ સગર્ભા માતાઓ અને ૧૦૭૦ ડીસીઝ દર્દીઓની મેડિક્લ ઓફિસર દ્વારા મેડીકલ તપાસ, લેબ ટેકનીશ્યન દ્વારા લેબોરેટરી તપાસ, ફાર્માસીસ્ટ દ્વારા જરૂરી દવાઓ અને સિકલસેલ કાઉન્સેલર દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવ્યું. આ ઉપરાંત ૩૪૦ સગર્ભા માતા અને ૧૪૫ નવા લાભાર્થીઓની DTT તપાસ કરવામાં આવી. જેમાં ૩૪૦ સગર્ભા પૈકી ૬૬ અને ૧૪૫ પૈકી ૧૨૭ મળી કુલ ૧૯૩ પોઝીટીવ આવેલના HPLC માટે સેમ્પલ લેવામાં આવ્યા, આરોગ્ય સ્ટાફના મેડિકલ ઓફિસર, પીએચસીના સુપરવાઈઝર ભાઈઓ/બહેનો, સીએચઓ, સ્ટાફ નર્સ, બધસે, લેબ ટેકનીશ્યન, ફાર્માશીષ્ટ, આશા બહેનો, સિકલસેલ કાઉન્સેલર દ્વારા સેવા ઓ પૂરી પાડવામાં આવી.

# દે.બારીઆના ઉધાવળા ગામે જુગાર સ્થળે રેડ કરી પાંચ જુગારીયાને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવળા ગામે જાહેરમાં પત્તા પાનાનો જુગાર ધામ પર પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાંસ દોડધામના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે પાંચ જુગારીઓને ઝડપી પાડી જ્યારે એક જુગારી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ઝડપાયેલ જુગારીઓ પાસેથી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૪૯,૮૮૦ તેમજ મોબાઈલ ફોન અને વાહન મળી કુલ રૂા. ૯૫,૮૮૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૭મી જુનના રોજ દેવગઢ બારીઆ પોલીસને મળેલ બાતમીના આધારે ઉધાવળા ગામે જાહેરમાં પાના પત્તા વડે રમાતા જુગાર ધામ ઉપર ઓચિંતી રેડ પાડતાં જુગારીઓમાં દોડધામના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતા. જાહેરમાં જુગાર રમતાં મુસ્તુફા યુસુફભાઈ મન્સુરી (રહે. ગોધરા, જિ.પંચમહાલ), સલામ એહમદા મલા (રહે. ગોધરા, જિ. પંચમહાલ), સલીમ અબ્દુલરહેમાન બદામ (રહે. ગોધરા, જિ.પંચમહાલ), ઈકબાલ અબ્દુલ મનકી (રહે. ગોધરા, જિ.પંચમહાલ), વિનોદભાઈ સોમાભાઈ બારીઆ (રહે. રૂઆબારી, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ) અને ફરાર સત્તાર ઉર્ફે બોખો અબ્દુલા શુક્લા (રહે. કાપડી, દેવગઢ બારીઆ, જિ.દાહોદ) પૈકી પાંચ જુગારીઓને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૪૯,૮૮૦, ત્રણ મોબાઈલ ફોન અને એક ટુ વ્હીલર વાહન મળી પોલીસે કુલ રૂા. ૯૫,૮૮૦નો મુદ્દામાલ કબજે કરી તમામ જુગારીઓને જેલના સળીયા પાછળ ધકેલી દઈ દેવગઢ બારીઆ પોલીસે ઉપરોક્ત જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યક્તિના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે સ્થળોએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના ઢઢેલા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૮મી જુનના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે રોંગ સાઈડે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ રોહિતભાઈ જશવંતસિંહ માલવીયા (રહે. જેતપુર (દુ), માલવીયા ફળિયા, તા. લીમખેડા, જિ.દાહોદ) નાને અડફેટમાં લેતાં રોહિતભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન રોહિતભાઈનું મોત નીપજતાં આ સંબંધે જેતપુર (દુ) ગામે માલવીયા ફળિયામાં રહેતાં કાર્તિકભાઈ પ્રકાશભાઈ માલવીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના જેકોટ ગામે અમદાવાદ - ઈન્દૌર હાઈવે ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૭મી જુનના રોજ કોઈ અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ પિતા - પુત્ર જવસીંગભાઈ મડુભાઈ રાઠોડ અને અંકિતભાઈ જવસીંગભાઈ રાઠોડ (બંન્ને રહે. રોઝમ, હોળી ફળિયું, તા. જિ. દાહોદ) નાઓને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં પિતા - પુત્ર બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાતાં પિતા - પુત્રને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જેને પગલે બંન્નેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન અંકિતભાઈનું મોત નીપજતાં આ સંબંધે રોઝમ ગામે હોળી ફળિયામાં રહેતાં હિતેશભાઈ જવસીંગભાઈ રાઠોડે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદની નસીરપુર ગામે ઝગડાનું કારણ પુછતાં ચાર ઈસમો પથ્થરો અને પાઈપ વડે હુમલો કરી ઈજાઓ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના નસીરપુર ગામે ઝગડાનું કારણ પુછતાં ચાર જેટલા ઈસમોએ એક સંપ થઈ મહિલા સહિત ત્રણ જણાને લોખંડની પાઈપ વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૭મી જુનના રોજ દાહોદ તાલુકાના નસીરપુર ગામેલ બામણીયા ફળિયામાં રહેતાં હરણભાઈ બચુભાઈ કતીજા અને કલાભાઈ બચુભાઈ કતીજા વચ્ચે મારામારી થઈ હતી. જે બાબતે ગામમાં રહેતાં અર્જુનભાઈ બચુભાઈ કતીજા દ્વારા કલાભાઈ કતીજાને ઝઘડાનું કારણ પુછતાં કલાભાઈ બચુભાઈ કતીજા, મહેશભાઈ મગનભાઈ ગણાવા, મુકેશભાઈ કનુભાઈ ગણાવા અને પારસીંગભાઈ તીતરભાઈ કમળી (ચારેય રહે. નસીરપુર, બામણીયા ફળિયુ, તા. જિ.દાહોદ) નાઓએ એકદમ ઉશ્કેરાઈ જઈ અર્જુનભાઈ બબલાભાઈ કતીજા, શૈલેષભાઈ બબલાભાઈ કતીજા અને રેખાબેન શૈલેષભાઈ કતીજાને લોખંડની પાઈપ વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અર્જુનભાઈ બબલાભાઈ કતીજા દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં ગરબાડા ચોકડી ખાતે ભોલે ભંડારા પરિવાર દ્વારા ભંડારાનું ભવ્ય આયોજન



દાહોદ,

દર વર્ષની જેમ આ વર્ષે પણ દાહોદ શહેરના ગરબાડા ચોકડી ખાતેથી રવિવારના રોજ સાજે ૦૫:૦૦ કલાકે ભોલે ભંડારા પરિવાર દાહોદ દ્વારા અમરનાથમાં ૨૧ મો વિશાલ ભંડારા માટે ભંડારાની ગાડીનું પ્રસ્થાન કરાવવામાં આવી હતી. ભોલે ભંડારા પરિવારના લોકો એક મહિના સુધી સેવાઓ કરતા હોય છે. આ ભંડારા સાથે સાથે હાલ પાંચ સેવાભાવી લોકો જશે પછી ટ્રેન દ્વારા ૨૧ સેવાભાવી લોકો આમ દાહોદ થી ૨૫ થી ૩૦, માણસો સેવા કરવા જતા હોય છે અને અમરનાથમાં જઈ લોકોને ફ્રી ખાવાનું લોકોની રહેવાની વ્યવસ્થા કરતા હોય છે. ભોલે ભંડારાની ગાડી પ્રસ્થાન કરાવવા માટે દાહોદ તથા આજુબાજુની જનમેદની ઉમટી હતી અને સેકસન અધિકારી મયુરભાઈ પારેખ તથા અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.

# લીમખેડામાં સ્વચ્છતા મિશન અંતર્ગત બનાવેલ શૌચાલયોમાં અધુરી કામગીરી કરાયાની આક્ષેપ

લીમખેડા,

લીમખેડા તાલુકામાં સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ નિર્મળ ગુજરાત અંતર્ગત બનાવવામાં આવેલા વ્યકિતગત શૌચાલયોમાં પાણીનુ જોડાણ આપવામાં આવ્યુ નથી કે શૌચ ખાડા બનાવાયા નથી તેમજ કેટલાય શૌચાલયોને દરવાજા પણ ન હોવાના આક્ષેપો સાથે આ અંગે તપાસની માંગ કરવામાં આવી છે.

લીમખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલયો બનાવવામાં આવ્યા છે. તાલુકાના રહિશોએ આક્ષેપો કર્યા છે કે, આંતરિયાળ ગામોમાં મોટાભાગના ઘરોમાં શૌચાલયો બનાવવામાં આવ્યા નથી. થોડા ઘણા જે બનાવવામાં આવેલા છે તેનો ઉપયોગ પણ થઈ શકે તેમ નથી. કારણ કે આ શૌચાલયોમાં શૌચ ખાડા અને પાણીની ટાંકી બનાવવામાં આવી નથી. કેટલાંક શૌચાયલોને દરવાજા પણ નથી. જેના કારણે ગ્રામજનો આજેપણ કુદરતી હાજતે ખુલ્લામાં જવા માટે મજબુર બન્યા છે. સૌથી ખરાબ સ્થિતિ મહિલાઓની હોવાનુ જણાવી ગ્રામજનો દ્વારા આ યોજનામાં કૌભાંડ થયુ હોવાના આક્ષેપો સાથે તપાસ કરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# દાહોદ જિલ્લા ખાતે મહત્વની ખુરસી સંભાળી રહેલા અધિકારીઓની જિલ્લા બહાર બદલીઓ થઈ જતા હજુપણ પોતાનું ટેબલ છોડવા તૈયાર હોય તેમ લાગતું નથી

દાહોદ,

સરકારના ગુજરાત હિસાબી સેવાઓ ની જગ્યાઓ ઉપર નિમણુંક કરાયેલા સરકારી અધિકારીઓની વહીવટી કારણોસર તથા સ્વ વિનંતી થી રાજ્યના મોટાભાગના અધિકારીઓની બદલીઓ તા.૧૫/૬/૨૦૨૨ ના રોજ કરાઈ છે. દાહોદ જિલ્લા ખાતે પણ મહત્વના ટેબલ ઉપર સિદ્ધરાજ કે સોલંકી અને રાજુ પ્રજાપતિ એમ બન્ને અધિકારીઓ ફરજ બજાવી રહયા હતા. પાંચ વર્ષ સુધી આંતરિક અનવેશણ અધિકારી તરીકે અને છેલ્લા ચાર વર્ષથી હિસાબી અધિકારી તરીકે અને આંતરિક અનવેશણ અધિકારી તરીકે ફરજ બજાવતા સિદ્ધરાજ સોલંકીનાઓની વલસાડ ખાતે હિસાબી અધિકારી તરીકે બદલી કરાઈ છે. જયારે દાહોદ ખાતેના તિજોરી અધિકારી રાજુ પ્રજાપતિને હિસાબી અધિકારી તરીકે નડિયાદ ખાતે બદલી કરાઈ છે. જિલ્લામાં સારા અધિકારી તરીકેની બહુ મોટી છાપ ધરાવતા સોલંકી હજુપણ જાણે કે પોતાના ટેબલનો મોહ છોડવા તૈયાર નહીં હોય તેમ કેટલાક લોકો જાહેરમાં ચર્ચાઓ સાંભળવા મળી છે.

બીજી તરફ આવા અધિકારીઓના ટેબલ પર ફાઈલો પડેલનો નિકાલ ન થાય ત્યાં સુધી બદલીની જગ્યા પર હાજર ન થતાં એવું લાગે છે કે ફાઈલો અટકેલ રહે નહિ જેના કારણે સોલંકીની બદલી થતા જ પોતાના બાકી બીલો માટે લોકો આગળ પાછળ દોડતા થઈ ગયા છે. હજુ આવા અધિકારીને છુટા નહીં કરતા તેમની સહીઓથી કેટલાય જુના બીલો પણ મંજુર થઈ જવાની શક્યતા રહેલી છે. દાહોદ ખાતે તેમજ અન્ય શહેરોમાં પોતાના ટેબલની અઢળક કમાણી માંથી બીજાના નામે જમીનો અને મકાનો પણ ખરીદી કર્યા હોવાની ચર્ચાઓ હવે તેમની બદલી થયા પછી ચર્ચાઈ રહી છે. બીજી તરફ સામે થી બદલી થયેલ અધિકારી પણ ટેબલ પર પડેલી ફાઈલોનો નિકાલ ન થાય ત્યાં સુધી બદલી થયેલ જગ્યા પર હાજર થવા માગતા નથી. તે પણ એક વિચારવા જેવી બાબત છે.

# ધાનપુર પોલીસની વાન દાહોદ આરોપીઓને જેલમાં મુકી પરત ફરતા રસ્તામાં પલ્ટી

દાહોદ,

ધાનપુર પોલીસની વાન આરોપીઓને દાહોદ તાલુકા પોલીસ મથકે મુકી પરત જઈ રહી હતી તે સમયે રસ્તામાં દાહોદ શહેરના ઈન્દૌર-અમદાવાદ નેશનલ હાઈવે પર અકસ્માતે રોડની વચ્ચે ખાડાના કારણે પોલીસવાન ખાડામાં ઉતરી જતા પલ્ટી ખાઈ ગઈ હતી. સદ્નસીબે ગાડીમાં સવાર પોલીસ જવાનોને જાનહાની થઈ ન હતી. ધાનપુર પોલીસ મથકની પી.સી.આર.વાન આરોપીઓને મુક્વા આવી હતી. આરોપીઓને દાહોદ તાલુકા પોલીસ મથકથી મુકી ધાનપુર ગામ તરફ જઈ રહી હતી. તે સમયે મુવાલિયા જવાના રોડ પર રોડની વચ્ચે મોટો ખાડો આવી જતા અને તે બાદ તે ખાડામાં પડતા તે ગાડી રોડની વચ્ચે આડી પડી ગઈ હતી જેમાં એક ડ્રાઈવર સહિત બે પોલીસ કોન્સ્ટેબલ સવાર હતા. જો કે ત્રણેયને કોઈ ઈજાઓ થવા પામી ન હતી. અને પોલીસની ગાડીને પી.સી.આર.વાનને નુક્સાન થવા પામ્યુ હતુ. જો કે આ બનાવની જાણ દાહોદ તાલુકા પોલીસ મથકે કરાતા પોલીસ મથક્નો કાફલો મોટી સંખ્યામાં ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.252

તા.૨૦/૦૬/૨૦૨૨
સોમવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# વેજલપુર પંચાયત વિસ્તારમાં મનરેગા યોજનાના કામોમાં ગેરરીતિઓ સામે આવતાં સ્થાનિકોમાં રોષ

ગોધરા, કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં મનરેગા યોજના અંતર્ગત હાઈવે થી મહાદેવ મંદિર થી નદી સુધીનો સી.સી.રોડ મંજુર કરવામાં આવ્યો છે. કોન્ટ્રાકટર દ્વારા રોડની કામગીરી શરૂ કરતાં સ્થાનિક રહિશો પંચાયત વોર્ડ સભ્યો અને તાલુકા પંચાયત સભ્ય એ મેટલ લેવલીંગ કરી વર્ક ઓર્ડર મુજબ કામગીરી કરવાનું જણાવતા કોન્ટ્રાકટર દ્વારા રસ્તાની કામગીરી બંધ કરી દેવામાં આવતાં ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો છે.

સભ્ય દ્વારા સી.સી.રોડ મેટલ નાખી અને લેવલીંગ કરી વર્ક ઓર્ડર મુજબ કામગીરી કરવા જણાવ્યું હતું. વર્ક ઓર્ડર મુજબના સી.સી.રોડના આક્ષેપનો જોતાં કોન્ટ્રાકટરને ભ્રષ્ટાચાર કરવા ન મળતો હોય જેને પરિણામે સી.સી.રોડની કામગીરી અધુરી છોડીને ચાલ્યો ગયો હોય વોર્ડ સભ્યો અને તાલુકા પંચાયત સભ્ય સલીમભાઈ કડીયા તથા સ્થાનિક રહિશો દ્વારા તકલાદી અને હલ્કી ગુણવત્તાની કામગીરીના વિરોધ નોંધાવ્યો છે અને વેજલપુર પંચાયતના તલાટી





તસ્વીર : નુર બાલા, વેજલપુર


## વર્ક ઓર્ડર મુજબ કામગીરીની માંગ કરતાં કોન્ટ્રાકટરે અધુરી કામગીરી છોડી

વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં હાઈવે રોડ થી વૈજનાથ મંદિર થી નદી સુધીનો સી.સી.રોડ મનરેગા યોજના અંતર્ગત મંજુર કરવામાં આવ્યો છે. મહાદેવ મંદિરનો રસ્તો વર્ષો પછી બનાવવામાં આવી રહ્યો છે. સી.સી.રોડની કામગીરી કરતાં કોન્ટ્રાકટરને વોર્ડ નં.૧૧, વોર્ડ નં.૮ સભ્યના પતિ તેમજ તાલુકા પંચાયત હર્ષદભાઈને સ્થળ ઉપર બોલાવીને સી.સી.રોડમાં માત્ર દોઢ થી બે ઈંચની ભરાઈ કામ કરવામાં આવ્યું છે અને હલ્કી ગુણવત્તાની કામગીરી કરવા છતાં કાર્યવાહી કરવામાં આવી નથી. તલાટી દ્વારા આમાં ન ખબર પડતી નથી. તેવો ઉદ્ધત જવાબ આપી રહ્યા છે. તમારે કોઈ રજુઆત હોય તો લેખિતમાં આપો તો એકશન લેવાશે. જેને લઈ સ્થાનિકો દ્વારા મંજુર થયેલ સી.સી.રોડના વર્ક ઓર્ડરની માંગણી કરતાં વર્ક ઓર્ડર ન હોવાનું જણાવતાં હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં અનેક સવાલો ઉભા થયા છે.

વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં ચાલતા વિકાસના કામોનો વર્ક ઓર્ડર પંચાયત પાસે નથી. ત્યારે તલાટીએ મનરેગા શાખાના એ.પી.ઓ. અને કર્મચારીઓ આવી લાલીયાવાડી ચલાવે છે. પછી વેજલપુર તલાટી અને મનરેગા શાખાના અધિકારીઓની મીલીભગત હોય જેને લઈ કોન્ટ્રાકટરો વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર કરવામાં બેફામ બન્યા છે. ત્યારે ગામમાં સી.સી.રોડની અધુરી કામગીરી અને હલ્કી ગુણવતાની કામગીરીની તપાસ તાલુકા વિકાસ અધિકારી, ગ્રામ વિકાસ એજન્સી અધિકારી દ્વારા તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

માટી મેટલ કર્યા વગર માત્ર બે-ત્રણ ઈંચ માલ નાખી અને મેટલની જગ્યાએ કપચી નાખીને લેવલીંગ પણ કરયાં વગર ભ્રષ્ટાચાર આચરવામાં આવતું હોવાથી લોકોમાં રોષ સ્થાનિક રહીશોની માંગ કે લેવલિંગ કરી વર્ક ઓડર અને એસ્ટીમેન્ટ પ્રમાણે વ્યવસ્થીત કામ થાય તેવી માંગ ઉઠી છે. ત્યારે જોવાનું એ રહયું કે, આવા લેભાગુ કોન્ટ્રાકટર અને જવાબદાર અધિકારીઓ સામે તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી અને ગામ વિકાસ એજન્સીના અધિકારી એકશન લઈ સાચી દિશામાં તપાસ કરી તેઓ સામે કાર્ય વાહી કરશે ખરા તે જોવું રહયું.

## વેજલપુર ગામમાં વોર્ડ નંબર ૫ અને ૬ માં આવેલ દીવાન ફળીયામાં ગટર ઉભરાતા સ્થાનિક રહીશોનો અનોખો વિરોધ



કાલોલ તાલુકાના વેજલપુર ગામ વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૫ અને વોર્ડ નં. ૬ દીવાન ફળીયામાં ગટર લાઈન ઉભરાયને આખા રોડ ઉપર ગંદુ પાણી રેલમછેલ થતા સ્થાનિક લોકોને અવરજવર કરવામાં તકલીફ જેથી ત્યાંના રહીશો દ્વારા આક્ષેપ સભ્યો દ્વારા કામ કરાવવામાં આવતું ન હોવાથી સ્થાનિકોમાં આક્રોશ જેને લઈ ત્યાંના રહીશો દ્વારા ઉભરાતી ગટરની બન્ને બાજુ પથ્થર મૂકી પથ્થર ઉપર લખાણ લખવામાં આવ્યું હતું કે વોર્ડ નંબર ૫ અને વોર્ડ નંબર ૬ સભ્યને ખુલ્લા ગટરના ઢાંકણ મુબારક તેવા લખાણ વાળા ફોટા સોશિયલ મીડિયામાં પણ વાયરલ જેના કારણે ગ્રામ પંચાયત વિકાસના કામોમાં નિષ્ફળ જેના કારણે ગામના વિકાસના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થતા વિકાસ ધજાગરા ઉડ્યા. વેજલપુર ગામની લાજ સોશિયલ મીડિયામાં વાયરલ જેથી ગામમાં એવી પણ ચર્ચા કે સરપંચ તલાટીને ગામની કઈ પડી નથી. તે સાબિત થાય છે, જેથી વેજલપુર ગામની ઉચ્ચસ્તરના અધિકારીઓ મુલાકાત લે તે જરૂરી બન્યું છે અને જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરી ગામને સ્વચ્છ બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ગોધરા-દાહોદ હાઈવે લાડપુર પાસેથી ટ્રકમાં સડેલી ડુંગળીની આડમાં લઈ જવાતો ૫.૨૫ લાખના બીયરનો જથ્થો ઝડપ્યો



ગોધરા, ગોધરા એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે લાડપુર ગામ પાસે નાકાબંધી કરી ચેકીંગ દરમિયાન ટ્રકમાં સડેલી ડુંગળીની આડમાં લઈ જવાતો બીયર ટીનની પેટીઓ ૨૯૯ કિંમત ૫,૨૫,૬૦૦/–રૂપીયા સહિત મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

માહિતી મુજબ ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, દાહોદ તરફ થી ટ્રક નંબર જીજે.૦૧.બીવી.૧૬૮૮માં સડેલી ડુંગળીની આડમાં વિદેશી દારૂ લઈ જવાઈ રહ્યો છે. તેવી ચોક્કસ બાતમીના આધારે દાહોદ હાઈવે રોડ ઉપર લાડપુર પેટ્રોલ પંપ ઉપર નાકાબંધી કરી હતી અને બાતમીવાળી ટ્રકને રોકી ચેકીંગ કરતા ચેકીંગ દરમિયાન ટ્યુબર્ગ પ્રિમીયમ બીયર ટીન પેટીઓ નંગ–૬૮, હેવડર્સ સ્ટ્રોંગ બીયર પેટીઓ નંગ–૨૦૩, કીંગ ફીશર બીયર ટીન નંગ–૨૭ મળી કિંમત ૫,૨૫,૬૦૦/–રૂપીયાના ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ, મોબાઈલ ફોન, ટ્રક મળી રૂપીયા ૧૬,૩૦,૬૦૦/–ના મુદ્દામાલ સાથે સાદ્દીક અનવરસા ફકીરને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલસી મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવામાં પામી છે.

## ઈન્ડીગો કારમાં ગોવંશની હેરાફેરી કરતા ઈસમને રાજગઢ પોલીસે ઝડપી પાડી ચાર ગૌવંશ બચાવી લીધા



ગોધરા, પંચમહાલ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ગૌવંશની કતલ તથા ગૌવંશની હેરાફેરી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા સતત વોચમાં રહેવા સુચના આપેલી હોય તેની અનુસંધાન રાજગઢ પોલીસ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન PSI આર. આર.ગોહિલ ને બાતમી મળી હતી કે, સદ્દામ ફારૂખ ટપ નામનો ઈસમ પોતાની ઈન્ડિગો કાર દુધાપુરા, ચંદ્રનગર થી વેજલપુર જનાર છે. જેથી પોલીસે વિરાપુરા પાસે કારનું લાઈટ દેખાતા તેને ઉભો રાખવાનો ઈશારો કરતાં બેરીકેટ તોડી ભાગવા જતો હોય તેને કોર્ડન કરી પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે ગાડીમાં જોતા ગૌવંશ નંગ–૪ કિંમત રૂા.૫૦,૦૦૦ તથા કાર મળી કુલ ૧,૫૦,૦૦૦/– ના મુદ્દામાલ સાથે આરોપીને જેલના સળિયા પાછળ ધકેલ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજગઢ પોલીસ દ્વારા ટૂંકસમયમાં ૫ કેસ કરી કુલ ૨૦ પશુઓને કતલખાને જતા બચાવી પ્રશંસનીય કામગીરી બજાવી છે.

## પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા ગોધરા અને મોરવા હડફ વિધાનસભાના નવ નિયુક્ત સંગઠનમંત્રીઓના સન્માન સમારોહ યોજાયો




ગોધરા, ગુજરાતમાં આવનારી વિધાનસભાની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી પુરી તાકાત થી તૈયારી કરી રહી છે. તમામ ૧૮૨ બેઠકો પર ચૂંટણી લડવા માટે, જીતવા માટે માઈક્રો પ્લાનિંગ કરી રહી છે અને ગુજરાતના ૨૬૦૦૦ જેટલા ગામોમાં કાર્યકર્તાઓ, સમર્થકોને તૈયાર કરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. હાલમાં જ પ્રદેશ કક્ષાએથી મજબૂત સંગઠન તૈયાર કરવા વિવિધ પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે. હજું થોડા દિવસોમાં લગભગ ચાર હજાર જેટલા કાર્યકર્તાઓને નવી જવાબદારી આપવામાં પણ આવનાર છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં ચાર વિધાનસભા બેઠકો પર સંગઠનમંત્રીઓની નિયુક્તિ કરવામાં આવી છે. આ તમામ પદાધિકારીઓના સન્માન માટે વિધાનસભા બેઠક દીઠ કાર્યકરો સાથે બેઠકો યોજવામાં આવી રહી છે. પંચમહાલ લોકસભા પ્રમુખ દિનેશ બારીઆની આગેવાનીમાં પંચમહાલ જિલ્લાની કાલોલ, ગોધરા, શહેરા, મોરવા હડફ, લુણાવાડા, બાલાસિનોર અને ઠાસરા વિધાનસભા બેઠકો પર કાર્યકર્તાઓ સાથે સન્માન સંમેલન યોજાઈ રહ્યા છે અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. કાલોલ માં શ્રીઆપેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં, શહેરામાં મંગલપુર, ગોધરામાં સાંપા, મોરવા હડફ માં ડાગરીયા ગામે બેઠકો યોજાઈ. ગઈકાલના રોજ ગોધરા અને મોરવા હડફ વિધાનસભા બેઠક પર યોજાયેલા સન્માન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓની ઉપસ્થિત વચ્ચે તમામ નવ નિયુક્ત પદાધિકારીઓનુ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત પંચમહાલ લોકસભા પ્રમુખ દિનેશ બારીઆએ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, આપણા સૌનું લક્ષ ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર બનાવવાનું છે. તેથી આપણે સૌએ નિયમિત રીતે કામ કરવાનું છે, સમય આપવાનો છે. જ્યાં રહીએ, ફરીએ, જઈએ ત્યાં પાર્ટી લક્ષી પ્રચાર પ્રસાર ની વાત કરવાની છે. જનતા હવે જાગૃત થઈ છે, સરકારની કામગીરી કેવી હોવી જોઈએ એ સમજવા લાગી છે. દિલ્હી અને પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકારે કરેલા કામો વિશે જનતા વાકેફ છે જેથી ગુજરાતમાં પણ 'આપ'ની સરકાર બનાવવા લોકો ઉત્સુક થયા છે. ત્યારે આપણે વધારે માં વધારે લોક સંપર્ક અને લોક સંવાદ કરી જનતાને ભરોસો આપી મનોબળ મજબૂત કરવાની કામગીરી કરવી પડશે. અને ગુજરાત માં બદલાવ માટે 'એક મોકો કેજરીવાલને' સ્લોગન સાથે જન આંદોલન ઉભું કરવું પડશે તેમ જણાવ્યું હતું.

પ્રદેશ શિક્ષણ સચિવ રણજીતસિંહ, રાજેશભાઈ, જિલ્લા પ્રમુખ દર્શન વ્યાસ, ગોધરા વિધાનસભા સંગઠનમંત્રી મનંત પટેલ, અજય વસંતાની, રાજુભાઈ પટેલ, મોરવા હડફ વિધાનસભા સંગઠનમંત્રી ભાણાભાઈ ડામોર, દલસુખભાઈ બામણીયા, જશુભાઈ બારીઆ, રાકેશભાઈ તથા શહેરા વિધાનસભાના સંગઠન મંત્રી અરવિંદભાઈ માછી સહિત મનોજભાઈ જોષી, સતીષભાઈ બારીઆ, રામભાઈ ડાંગી, ભાવેશભાઈ બારીઆ, સુરસીગભાઈ ડામોર, ભારતસિંહ, નૈષધભાઈ સહિત આમ આદમી પાર્ટીના સંનિષ્ઠ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# શક્તિપીઠ પાવાગઢમાં કાલિકા માતાના નવનિર્મિત મંદિરના સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણ કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી







ગોધરા, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતુંકે, આજે સદીઓ પછી માં કાલિકાના મંદિર પર ધ્વજારોહણનો આ અવસર આપણે સૌને નવી પ્રેરણા અને ઉર્જા તો આપે છે પરંતુ સાથે સાથે આધ્યાત્મની આપણી મહાન પરંપરાને સમર્પિત ભાવથી જીવવા પ્રેરિત પણ કરે છે. વર્ષો પહેલા સ્વામી વિવેકાનંદે પણ મહાકાળીના આર્શિવાદ મેળવી પ્રભુ સેવાથી પ્રજા સેવાનો માર્ગ કંડાર્યો હતો એ જ રીતે મહાકાળીએ આપણને ઉર્જા– ત્યાગ– સર્મપણ સાથે દેશના જન–જનનો સેવક બનીને સેવા કરવાના આર્શિવાદ મને આપ્યા છે.

પ્રધાનમંત્રીએ આજે ગુજરાતના શક્તિપીઠ પાવાગઢ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કાલિકા માતાના નવનિર્મિત મંદિરના સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણ કર્યું હતું.

આ પ્રસંગે માતાના દરબારથી સંતોને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યુ કે, આજે અનેક વર્ષો બાદ પાવાગઢ મહાકાળીના ચરણોમાં આવીને કેટલીક પળો વિતાવવાનો આશિર્વાદ પ્રાપ્ત કરવાનુ સૌભાગ્ય મને મળ્યું છે. મારૂ જીવન ધન્ય થઈ ગયું. સપનુ સંકલ્પ બનતુ હોય અને તે સિદ્ધ થતુ હોય તો આનંદ થાય છે. આજની પળ મારા અંતરમનને વિશેષ આનંદ આપે છે.

પાંચ શતાબ્દી પછી મહાકાળીના શિખર પર ધજા ચઢી છે. આ પળ આપણને પ્રેરણા આપે છે, ઉર્જા આપે છે. અને મહાન પરંપરા અને સંસ્કૃતિ પ્રતિ સમર્પિત ભાવથી જીવવા પ્રેરિત કરે છે. આજથી થોડા દિવસ બાદ આ મહિનામાં ગુપ્ત નવરાત્રિ છે. ગુપ્ત નવરાત્રિ પહેલા પાવાગઢમાં મહાકાળીનુ મંદિર ભવ્ય અને દિવ્ય સ્વરૂપમાં આપણી સામે છે. શક્તિ અને સાધનાની આ જ વિશેષતા છે. ગુપ્ત નવરાત્રિ છે, પણ શક્તિ સુપ્ત અને લૂપ્ત થતી નથી. જ્યારે શ્રદ્ધા સાધના અને તપસ્યા ફળીભૂત થાય છે, તો શક્તિ પૂર્ણ વૈભવ સાથે પ્રકટે છે. પાવાગઢમાં મા કાળીના આશિર્વાદથી આ જ શક્તિનુ પ્રાગટ્ય જોઈ રહ્યાં છીએ. સદીઓ બાદ મહાકાળીનુ આ મંદિર વિશાળ સ્વરૂપમાં આપણી સામે આપણા મસ્તિષ્કને ઉંચુ કરે છે.

તેમણે કહ્યુ કે, આજે સદીઓ બાદ પાવાગઢ મંદિરમાં એકવાર ફરીથી શિખર પર ધજા લહેરાઈ છે. આ શિખર ધ્વજ માત્ર આસ્થાનુ પ્રતિક નથી, પણ સદીઓ બદલાય છે, યુગ બદલાય છે, પણ આસ્થાનુ શિખર શાશ્વત રહે છે તેનુ પ્રતિક છે. અયોધ્યા, કાશી કે કેદારનાથ હોય, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ધરોહર ફરીથી જીવંત થઈ રહ્યાં છે. પોતાની પ્રાચીન ઓળખને પણ ઉમંગથી જીવી રહ્યા છે. દરેક ભારતીય તેના પર ગર્વ કરે છે. આ આધ્યાત્મિક સ્તર નવી શકયતાઓના સ્ત્રોત બની રહ્યાં છે. પાવાગઢના મંદિરનુ પુનનિર્માણ આ ગૌરવ યાત્રાનો હિસ્સો છે.

તેમણે કહ્યુ કે, આ અવસર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસનુ પ્રતિક છે. મને મહાકાળી મંદિરમાં ધજારોહણ અને પૂજાની તક મળી. માતા મને પણ આશિર્વાદ આપે કે હુ વધુ ઉર્જા, ત્યાગ, સમર્પણ સાથે દેશના જનજનનો સેવક બનીને તેમની સેવા કરૂં. મારૂ જે પણ સામ્યર્થ છે, મારા જીવનમાં જે પણ પુણ્ય છે, તે હુ દેશની માતા અને બહેનોના કલ્યાણ માટે, દેશ માટે સમર્પિત કરૂં છું.

વડાપ્રધાનએ કહયું હતું કે, સદીઓના સંઘર્ષ બાદ ભારત આઝાદ થયુ તો ગુલામી અને અત્યાચારની ભાવનાથી ભરેલા હતા. આપણા અસ્તિત્વના પડકારરૂપ હતા. તેના માટે આપણે લડ્યા હતા. સાંસ્કૃતિક આઝાદીની શરૂઆત પણ સરદાર પટેલ થકી સોમનાથથી થઈ હતી. આજે જે ધજા ફરકી છે, તે દેશના સાંસ્કૃતિક ગૌરવની ધજા છે. પંચમહાલના લોકોએ સદીઓથી આ મંદિરને સાચવ્યુ છે. આજે તેમનુ સપનુ પૂરૂ થયું. આજે પાવાગઢ અને પંચમહાલની તપસ્યા સિદ્ધ થઈ. એક સમયે અહીં માતાના ચરણોમાં લગ્નની કંકોતરીઓ મૂકાતી, અને બાદમાં નિમંત્રણ માતાની સામે વંચાવાતી હતી. તેના બાદ નિમંત્રણ મોકલનારને શુભેચ્છા જતી. આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. આ કાયાકલ્પ ભક્તો માટે સૌથી મોટી ભેટ છે. માતાના આર્શીવાદ વગર તે સંભવ ન હતું. વિકાસકાર્યોમાં ખાસ વાત એ છેકે, મહાકાળી મંદિરને ભવ્ય સ્વરૂપ આપ્યુ, પણ ગર્ભગૃહનુ મૂળ સ્વરૂપ એવુ જ રખાયુ છે. લોકોએ અહી મળીને કામ કર્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પ્રવાસન પ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો છે. રાજ્ય સરકાર યાત્રિકોની પ્રાર્થના અને પર્યટન બંને સુગમ બને તે માટે પ્રયત્નશીલ છે, જેના પરિણામે ગુજરાતના યાત્રાધામો ભવ્ય બની રહ્યા છે. ગુજરાતની પવિત્રભૂમિ પર અનેક પ્રતિષ્ઠિત દેવસ્થાનો છે જેના કારણે રાજ્યમાં પિલ્ગ્રિમેજ ટુરિઝમનો મોટા પાયે વિકાસ થયો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

પાવાગઢ ધામમાં આવતા શ્રધ્ધાળુઓની સુવિધામાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે ૧૨૧ કરોડના ખર્ચે મંદિર પરિસરનો વિસ્તાર કર્યો છે. તળેટીના માચી વિસ્તારમાં યાત્રિકોને પાયાની સગવડો આપવા, આવનારા દિવસોમાં રૂપિયા ૩૭ કરોડના ખર્ચે વિકાસ કામો થવાના છે. વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો પામેલા ચાંપાનેર ખાતે અનેક પ્રવાસીઓ આવે છે, ત્યારે રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં રૂ. ૨૦ કરોડની જોગવાઈ પણ કરી છે.

વડાપ્રધાનના દિશા–નિર્દેશમાં રાજ્ય સરકારે યાત્રાધામોનો સુઆયોજિત વિકાસ કર્યો છે. ભારત સરકારની પ્રસાદ યોજનામાં ગુજરાતના દ્વારિકા, સોમનાથ અને અંબાજીનો સમાવેશ થતા યાત્રાધામોના વિકાસને વધુ વેગ મળ્યો છે.

તાજેતરમાં સોમનાથ ખાતે નવનિર્મિત સર્કિટ હાઉસ, અંબાજીમાં સુવર્ણ મંડિત મંદિર સાથે ૫૧ શક્તિપીઠ, પરિક્રમા પથ અને લાઈટ એન્ડ સાઉન્ડ શો વગેરેનું વડાપ્રધાન દ્વારા ઉદ્દઘાટન તેમ જ માધવપુર ઘેડના પવિત્ર મેળાના આયોજનથી રાજ્યના પ્રવાસન ક્ષેત્રને થયેલા લાભની વિસ્તૃત છણાવટ મુખ્યમંત્રીએ કરી હતી.

મુખ્યમંત્રીએ આસ્થાના પ્રતિક એવા યાત્રાધામોની સુવિધાઓનો વિવેકપૂર્વક ઉપયોગ થાય અને યાત્રાધામ સ્વચ્છ રહે તેવા હેતુથી નજીકના મંદિરો અને પવિત્ર સ્થળોની સાફ–સફાઈ કરવામાં યોગદાન આપવા જનતાને અપીલ કરી હતી.

ટ્રસ્ટના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલે સ્વાગત પ્રવચન આપતા જણાવ્યુ હતુંકે, વર્ષો જૂના આ મંદિરમાં માતાજી બિરાજમાન છે અને દેશના શક્તિપીઠો પૈકીના એક એવા આ મંદિરમાં વર્ષે દોઢથી બે કરોડ લોકો દર્શાનાથે આવે છે. મંદિરનું પરિસર ખૂબ જ સાકડું હતુ અને મંદિર પણ ખૂબ જૂનું થઈ ગયું હતું. પગથિયા વ્યવસ્થિત નહોતા એટલે યાત્રિકોને કોઈપણ પ્રકારની તકલીફો ન પડે તે માટે માતાજીના મંદિર સુધીના ૫૦૦ પગથિયાનું નવનિર્માણ કરવામાં આવ્યું છે.

મંદિરના નિર્માણ માટે રૂપિયા ૧૨૫ કરોડના ખર્ચ પૈકી ૭૦ ટકા ગુજરાત સરકારના પવિત્ર યાત્રાધામ બોર્ડ દ્વારા અને ૩૦ ટકા ખર્ચ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, પર્યાવરણને ધ્યાનમાં રાખીને આ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આગામી સમયમાં યજ્ઞશાળા, દૂધિયા તળાવ પાસે બૃહદ ભોજનશાળા અને પ્રવાસીઓના રાત્રિ રોકાણ માટેની ભક્તિનિવાસ સુવિધાઓ તેમજ છાસિયા તળાવ પાસેથી સીધી જ માતાજીના મંદિર સુધી પહોંચાડતી બે મોટી લિફ્ટ ઊભી કરવામાં આવશે સાથે જ પાવાગઢ પર્વત પર માતાજીના મંદિરના સમગ્ર સંકુલની પ્રદક્ષિણા થાય એ રીતે દૂધિયા અને છાસિયા તળાવને જોડતો પ્રદક્ષિણા પથ તૈયાર કરવામાં આવશે. માંચી પાસે અતિથિગૃહ અને મલ્ટી લેવલ પાર્કિંગનું નિર્માણ કરવામાં આવશે. આજુબાજુમાં પર્વત પર વનવિભાગના સહયોગથી મોટાપાયે વૃક્ષારોપણનું આયોજન હાથ ધરાશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ અવસરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ટ્રસ્ટી મંડળ દ્વારા ચાંદીનું કાલી યંત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા પાવાગઢ ખાતેના વન પ્રોજેક્ટ માટે ૬૦ લાખ રૂપિયાનો ચેક રાજ્ય સરકારને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ અવસરે પ્રવાસન અને યાત્રાધામ વિકાસ વિભાગના મંત્રી પૂર્ણેશભાઈ મોદી, જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, મુખ્ય સચિવ પંકજ કુમાર, સાંસદઓ, ધારાસભ્યઓ, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધીકારી, ટ્રસ્ટીઓ તેમજ સાંધુ–સંતો ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરાના સાદરા ગામે આંગણવાડી અને પ્રા.શાળા પાસે ગંદકીનું સામ્રાજય થી બાળકોમાં રોગચાળાનો ભય



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના સાદરા ગામની આંગણવાડી કેન્દ્ર–૧ અને પ્રાથમિક શાળા પાસે પાછલા એક વર્ષથી ગંદકીનું સામ્રાજ્ય જોવા મળ્યુ રહયુ છે. પ્રાથમિક શાળા અને આંગણવાડી પાસે ઉકરડા ના કારણે મચ્છર નો ઉપદ્રવ વધવા સાથે બાળકોના આરોગ્ય સામે ખતરો ઉભો થઈ રહ્યો હોય તેમ છતાં સબંધિત તંત્રની લાપરવાહી આ બાબતે દેખાઈ રહી હતી.

શહેરા તાલુકાના સાદરા ગામની વચ્ચે આવેલી આંગણવાડી કેન્દ્ર–૧ અને પ્રાથમિક શાળાની બહાર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતા મચ્છરનો ઉપદ્રવ વધે તો નવાઈ નહી. હાલમાં ચોમાસાની ઋતુમાં ગંદકીના કારણે રોગચાળો ફેલાવાની શક્યતાને પણ નકારી શકાય તેમ નથી. આ ગામની આગણવાડી અને પ્રાથમિક શાળા પાસે જે રીતેના દ્રશ્યો ઉકરડા અને ગંદકીના જોવા મળતા સ્વચ્છતા બાબતે અહી અનેક સવાલો ઉઠવા સાથે બાળકોના આરોગ્ય પર પણ ખતરો મંડાઈ શકે તેમ હોય તેમ છતાં સબંધિત તંત્ર દ્વારા આ બાબતે પાછલા કેટલાક સમયથી કોઈજ ગંભીરતા લેવામાં આવી નથી. જ્યારે ઉકરડાના કારણે આંગણવાડીમાં આવતા નાના બાળકો બીમારી સપડાઈ જાય તે પહેલા ગ્રામ પંચાયત દ્વારા આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવવી જોઈએ સાથે ગંદકી તાત્કાલિક દૂર કરીને આ બાબતે અસરકારક કાર્યવાહી કરવી જોઈએ પણ અત્યંત જરૂરી છે. ત્યારે જોવુજ બન્યું રહ્યુ કે, ગ્રામ પચાયત આ મામલે કાર્યવાહી કરીને સાફસફાઈ કરશે કે પછી કોઈ ઉચ્ચ અધિકારી દ્વારા આદેશ કરવામાં આવે ત્યારબાદ જ શાળા પાસે અને આંગણવાડી પાસે જોવા મળતી ગંદકી દૂર કરવામાં આવશે તેવું લાગી રહયું છે.